# સહજ-સત્સંગ

અંક : ૨૭૨ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઑગસ્ટ - ૨૦૧૧





# મા મીરાંબિકા

Be sincere and absolute in your
consecration to the Divine and your
life will become harmonious and beautiful.

- The Mother

ભાવાનુવાદ

**પ્રભુ-ભાવમાં પ્રામાણિક બની,**
**ને પૂર્ણતાને ન છેહ દો,**
**તો જ જીવન સુસંવાદમાં,**
**વહેશે સદા અતિ સુંદર બની.**

**- શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૬-૭-૮ જુલાઈ ૧૯૧૪)



એ (આખુંએ વ્યક્તિસ્વરૂપ) પૂર્ણપણે સર્વની સાથે સઘનરૂપે એકરૂપ છે અને એ સૌની સાથે એ તારી સમક્ષ નમન કરે છે.

શક્તિ ત્યાં છે..... નવીન આવિર્ભાવ નિશ્ચિત છે..... (૬-૭-૧૪)

(તે) તેજોમય છે, મહાસમર્થ છે, એ એક અસીમ પ્રેમ જેવી છે. કોઈ પરમ સત્તા જેવી છે. એક નિર્વિવાદ એવી વાસ્તવિકતા જેવી છે.

એ ક્યારનીયે વિચારથી પર રહેલાં ઊર્ધ્વ જગતોમાં પરમ રૂપાંતરની શક્તિરૂપે તેમ જ જડતત્ત્વનાં અચેતન ઊંડાણોમાં અવિરોધ્ય રોગહર્તારૂપે પણ સક્રિય રહેલી છે...... શક્તિ આવી ચૂકેલી છે. (૭-૭-૧૯૧૪)

હે દિવ્યશક્તિ,.....પાછી ન વળીશ, અમને સારી પેઠે લડવામાં સહાય કર. સંઘર્ષ માટે અમારા બળને સુદૃઢ બનાવ, વિજય માટેની અમને શક્તિ આપ !

અમારા પ્રયત્નોને ટેકો આપ, અમારા પગલાંને માર્ગદર્શન આપ, વિજય પ્રત્યે અમને દોરી જા. (૮-૭-૧૯૧૪)

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (દિવ્યશક્તિનું આગમન) | ૧ |
| **શ્રદ્ધા** | ૪ |
| **માતૃવાણી** (સંપૂર્ણ મુક્તિનો અર્થ) | ૭ |
| **માનવવિકાસ ચક્ર** (આધ્યાત્મિક સમાજ - ૨) | ૧૦ |
| **સાવિત્રી** (દિવ્ય-ક્ષમતાઓનું પ્રાગટ્ય) | ૧૨ |
| **ઉપનિષદોનું અમૃત** (ત્રિણાચિકેત - વિદ્યા) | ૧૮ |
| **યોગ વિષે પત્રો** (પૂર્ણયોગ અને કુંડલિની યોગ વચ્ચેનો તફાવત) | ૨૦ |
| **સુંદર કથાઓ** (બીજાને મદદ કરો) | ૨૩ |
| **આગામી-ભાવિ** (દિવ્ય શાણપણ ) | ૨૪ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (નિર્વાણ અને વાસુદેવનો અનુભવ) | ૨૫ |
| **વેદવિજ્ઞાન** (આંગિરસી - વિદ્યા) | ૨૭ |
| **યોગ પર દીપ્તિઓ** (ઉત્ક્રાંતિનું રહસ્ય) | ૩૦ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (સૂવું કેવી રીતે ?) | ૩૨ |
| **સાંજના વાર્તાલાપો** (અશુદ્ધિઓ અને તેનો નિકાલ) | ૩૪ |
| **ભાવિ - સમાજ** (ભાવિ-સમાજ રચનાની શરતો) | ૩૫ |
| **વેદનું રહસ્ય** (વેદોનાં લુપ્ત અર્થઘટનના પ્રયત્નો) | ૩૮ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (તર્કશક્તિની મર્યાદાઓ) | ૪૧ |
| **સર્વાંગી આરોગ્ય** (ચૈત્યપુરુષ સાથે એકરૂપતા) | ૪૩ |
| **“૧૫ ઑગસ્ટ”** | ૪૫ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૭૧ વર્ષ : ૨૨
ઑગસ્ટ - ૨૦૧૧



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫
**E-mail ID : sahajsatsang@gmail.com**

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**

**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**‘મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ’**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# દિવ્યશક્તિનું આગમન

(પૃ.૧૪૭-૧૪૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીનો પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ છે તે વ્યક્તિસ્વરૂપ સમર્પણ રહ્યું નહોતું. તે વ્યક્તિસ્વરૂપે અન્ય બધી જ વ્યક્તિઓ સાથે એકરૂપતા સાધી હતી અને પોતે વૈશ્વિક-સ્વરૂપમાં પ્રવેશી ગયું હતું. આવો વૈશ્વક-ભાવ ધારણ કરીને જ માતાજી પોતાનો સમર્પણભાવ પ્રભુ પ્રત્યે રાખતાં હતાં. જાણે તેમના વ્યક્તિસ્વરૂપ દ્વારા તેઓ બધાંનું જ સમર્પણ વ્યક્ત કરી રહ્યાં હતાં !

આવા વૈશ્વિક-ચેતનામાં પ્રવેશ બાદ જ પેલી દિવ્ય-શક્તિનું અસ્તિત્વ સાધકને અનુભવાય છે. માતાજીને તેનું અસ્તિત્વ જણાયું કે તે દિવ્ય-શક્તિ જે અસીમ વૈશ્વિક-શક્તિ છે તે ત્યાં પોતાના મસ્તકની ઊર્ધ્વમાં છે તે માતાજીના સ્વરૂપમાં અવતરણ કરવા દબાણ લાવી રહ્યું છે અને તેથી માતાજી ખાતરી આપે છે કે તે નવો આવિર્ભાવ હવે નિશ્ચિત જ છે અને તે વળી પાસેના કાળમાં જ છે.

તે શક્તિ તેજોમય છે, સમર્થ છે, તેની સાથે એકરૂપ થતાં જ તે સમગ્ર જગતમાંના બધાં પ્રત્યે એક નિરપેક્ષ પ્રેમ અને કલ્યાણભાવ સ્વરૂપે અનુભવાય છે. તે જાણે અંતિમ સત્તા હોય એવી રીતે નિર્ણય લે છે અને તે માતાજીને એક શુદ્ધ નિર્મળ અસ્તિત્વ જેવી ભાસે છે.

તે શક્તિ હાલમાં જ અસ્તિત્વમાં આવેલી છે તેમ નથી. તે તો સનાતન અસ્તિત્વ ધરાવતી શક્તિ છે. પણ પહેલાં તે ઊર્ધ્વ કક્ષાએ જ ઊર્ધ્વ દિવ્ય-જગતોમાં જ કાર્ય કરતી દેખાતી, કારણ માનવી-સ્વરૂપ તેનાં સંવેદનોને ઝીલી શકતું જ નહોતું. તે જ શક્તિ નિમ્નત્તમ જગતની પણ નીચે, અવચેતન અને અચેતનની પણ નીચે રહીને ત્યાંથી જ અવચેતન અને અચેતન મારફત આપણાં સ્વરૂપોમાંના રોગોને નિવારવામાં મદદરૂપ થતી હતી. પણ તે સીધે સીધી માનવને અનુભવાતી ન હોવાથી તેનું અસ્તિત્વ માનવ જાણી શકતો નહોતો.

પણ તે શક્તિ હવે સૂક્ષ્મ-પાર્થિવ સ્તરે આવી પહોંચી છે જ.

માતાજી તે દિવ્ય-શક્તિને, અતિમનસ શક્તિને પ્રાર્થના કરે છે કે હે જગન્માતા,

(પૃષ્ઠ ૪૨ ઉપર)

# શ્રદ્ધા

- જ્યોતિબેન થાનકી

જ્યારે મનુષ્ય નિષ્ફળતાથી ઘેરાઈ ગયો હોય, આગળ જવાનો માર્ગ સૂઝતો ન હોય, ચારેબાજુથી વિરોધો ઊઠતા હોય, પોતાનું મન પણ સફળતા માટે શંકા સેવતું હોય, છતાં અંતરમાં રહેલી કોઈ શક્તિ તેને આગળ વધવા પ્રેરી રહી હોય અને સફળતાની ખાતરી આપતી હોય, તે શક્તિ છે શ્રદ્ધા. શ્રદ્ધા એટલે આત્મામાંથી આવતી સફળતાની ખાતરી જે મનુષ્યને વિરોધોની વચ્ચે પણ કાર્યમાં ટકાવી રાખે છે. આ શક્તિ મનુષ્યની અંદર જ રહેલી છે. દરેક નવું કાર્ય કરનારા, શોધખોળ કરનારા, જ્ઞાનનું સર્જન કરનારા, બધાંની શરૂઆત શ્રદ્ધાથી જ થાય છે. જ્યાં સુધી કાર્ય પૂરું નથી, અને સફળતા મળતી નથી, ત્યાં સુધી વારંવારની નિષ્ફળતાની વચ્ચે પણ તેઓ પોતાનું કાર્ય ચાલુ રાખે છે; કારણ કે તેમનામાં કોઈ શક્તિ એવી હોય છે કે જે તેમને એમ કહે છે કે, ''આ વસ્તુ સાચી છે, તેનું અનુસરણ કરવું જોઈએ.'' આમ દેખીતી નિષ્ફળતા છતાં કાર્યમાં પ્રેરનારી જે શક્તિ છે તે શ્રદ્ધા છે. એટલે જ શ્રી માતાજી કહે છે કે, ''શ્રદ્ધા સર્વ સાક્ષાત્કારોની જનની છે.''

**આધ્યાત્મિક જીવનનો પાયો છે શ્રદ્ધા :**

શ્રદ્ધા વગર આધ્યાત્મિક જીવનની શરૂઆત થઈ શકતી નથી. પરંતુ સામાન્ય માણસના મનમાં એવા પ્રશ્નો ઉદ્ભવે છે કે જેમને જોયાં નથી, ઓળખતાં નથી, જેમના અસ્તિત્વની ખબર નથી, એવા પ્રભુ ઉપર શ્રદ્ધા કેવી રીતે મૂકી શકાય ? જો તેમની થોડીઘણી પણ ઝલક મળે, ઝાંખી થાય તો પછી શ્રદ્ધા જાગે. અનુભૂતિ વગર શ્રદ્ધા કેવી રીતે આવે ? આ સંદર્ભમાં શ્રી અરવિન્દ કહે છે કે, ''શ્રદ્ધા માટે અનુભૂતિની જરૂર છે, તે સિવાય શ્રદ્ધા ન રાખી શકાય - તેવું નથી. હજારો લોકોને અનુભૂતિ વગર પણ શ્રદ્ધા રહેલી છે. 'અનુભૂતિ વગર શ્રદ્ધા નહીં' - આ સિદ્ધાંત આધ્યાત્મિક માર્ગમાં જોખમભરેલો છે. સંત કે ભક્તને અનુભૂતિ થઈ હોય તે પહેલાં પણ ઘણાં લાંબા સમયથી પ્રભુમાં શ્રદ્ધા રહેલી હોય છે. શરૂઆત કરવા માટે શ્રદ્ધા પૂરતું સાધન છે. માણસ ભગવાનની શોધ કરે તે પહેલાં એને ભગવાનની સમજ હોવી જોઈએ, એ ખ્યાલ ભૂલભરેલો છે. અને જો તે સાચો હોય તો બધી સાધના અશક્ય બને.'' પ્રભુની શોધ કરનારાઓ તો માત્ર પોતાની શ્રદ્ધાના બળે જ પ્રભુના માર્ગે ચાલી નીકળે છે.

**અંધશ્રદ્ધા હોય છે ખરી ?**

ઘણા લોકો શ્રદ્ધાને આંધળી કહે છે, પણ શ્રદ્ધા એ શ્રદ્ધા જ છે. તર્કપ્રધાન લોકો પણ

શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહે છે.

વિવેકાનંદ જ્યારે કૉલેજમાં ભણતા હતા, ત્યારે શ્રી રામકૃષ્ણદેવ પાસે વારંવાર જતા. એક વખત તેમણે શ્રી રામકૃષ્ણદેવને કહ્યું: ''શ્રદ્ધા નકામી છે, આંધળી હોય છે.'' ત્યારે રામકૃષ્ણે તેમને ઠપકો આપતાં કહ્યું : ''નરેન, અંધશ્રદ્ધા કહીને તું કહેવા શું માંગે છે? શ્રદ્ધા માત્ર અંધ હોય છે. શું શ્રદ્ધાને આંખ હોય છે ? અંધશ્રદ્ધા કહેવાનો અર્થ શો છે ? કાં તો શ્રદ્ધા કહે, કાં તો જ્ઞાન કહે. આ તો એક આંખવાળી શ્રદ્ધા અને બીજી આંખ વગરની શ્રદ્ધા એવા ભાગ પાડવાનો શો અર્થ છે ?'' પછી તેમણે કહ્યું, ''જ્યાં સુધી સાક્ષાત્કાર નથી થયો, ત્યાં સુધી શ્રદ્ધા માત્ર અંધ જ છે. ને સાક્ષાત્કાર પછી એ શ્રદ્ધા જ્ઞાન બની જાય છે.'' આ જ સંદર્ભમાં શ્રી અરવિન્દે પણ કહ્યું છે કે, 'સત્યદર્શન પછી શ્રદ્ધા પોતે જ જ્ઞાનરૂપ બની જાય છે.'' અંધશ્રદ્ધા વિષે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે ''અંધશ્રદ્ધા શબ્દનો કશો અર્થ નથી - હું ધારું છું કે એ લોકો એમ કહેવા માગે છે કે જ્યાં સુધી કોઈ પુરાવો ન હોય ત્યાં સુધી પોતે કોઈને ય માને નહીં, પરંતુ પુરાવો મળે એ પછી માનવું એ શ્રદ્ધા ન કહેવાય; એ તારણ પછી માનસિક જ્ઞાન કે અભિપ્રાય હોય. શ્રદ્ધા એવી વસ્તુ છે કે કોઈપણ પ્રકારના પુરાવા કે જ્ઞાન પહેલાં તે હાજર હોય છે.''

**શ્રદ્ધા વિષે શંકા :**

પોતાની જાતને ખૂબ બુદ્ધિશાળી માનતા લોકો દરેક બાબતમાં શંકા ઉઠાવતા રહે છે; પ્રશ્નો અને તર્ક કરતા રહે છે. શ્રદ્ધાને તેઓ અજ્ઞાન અને વહેમ માનતા હોય છે. આવા લોકો વિષે શ્રી માતાજી કહે છે કે, ''ઘણા લોકો શંકા અને નાસ્તિકતા સાથે માનસિક રમત કરતા હોય છે. તેઓ શ્રદ્ધાને સ્વીકારતા નથી. તેઓ માને છે કે અમે વહેમ અને અજ્ઞાનથી પર છીએ. પણ જો તમે શંકા અને નાસ્તિકતાનાં સૂચનો સાંભળશો, તો તમે ગૂંચવાઈ જશો. વિરોધોની ભૂલભૂલામણીમાં ફસાઈ જશો અને તેમાંથી બહાર નહીં આવી શકો. તમે તમારા આંતરસત્યથી એટલા બધા દૂર થઈ જશો કે એ દેખાતું બંધ થઈ જશે. કેટલીક વાર તો તમે તમારા આત્માનો સંપર્ક ગુમાવી દેશો.  આમ, શંકાથી મનુષ્ય ક્યારેય આગળ જઈ શકતો નથી. એટલે જ ગીતામાં કહ્યું છે, ''સંશયાત્મા વિનશ્યાતિ'' જે શ્રદ્ધા સાબિતી માંગે તે શ્રદ્ધા નથી, પણ શ્રી માતાજી એને સોદો કહે છે. આવી સોદાબાજીથી કંઈ આધ્યાત્મિક જીવન મળતું નથી.

**આધ્યાત્મિક જીવન માટે સંપૂર્ણ શ્રદ્ધાની આવશ્યકતા :**

આધ્યાત્મિક જીવન જીવવાની પ્રથમ શરત છે, અંતરમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવી. આ સંદર્ભમાં શ્રી અરવિન્દે શિષ્યને જણાવ્યું હતું કે, ''એક માત્ર ભગવાન જ એવી વ્યક્તિ છે, જેને મેળવવાના છે; એની સરખામણીમાં બીજી કોઈ વસ્તુ એવી નથી કે જેની શોધ કરવા જેવી હોય. માણસમાં આવી શ્રદ્ધા હોય તો તે આધ્યાત્મિક જીવન માટે નિર્માયેલો છે

અને હું એમ પણ કહીશ કે તેની પ્રકૃતિ વિઘ્નોથી ભરેલી હોય, ઈન્કારો અને મુશ્કેલીઓથી ઠાંસોઠાંસ ભરેલી હોય, તેણે ઘણાં વર્ષ સુધી સંઘર્ષ કર્યો હોય; તો પણ તે આધ્યાત્મિક જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે ચોક્કસ સર્જાયેલો છે.'' માણસમાં બીજું કશું જ ન હોય પણ માત્ર શ્રદ્ધા જ હોય તો પણ શ્રદ્ધાના બળે તે છેક ભગવાન સુધી પહોંચી જાય છે. એ માટે કેવી શ્રદ્ધા જોઈએ તે વિષે પણ શ્રી અરવિન્દે કહ્યું છે કે, ''આપણે એવી શ્રદ્ધા રાખવી જોઈએ કે આપણું અજ્ઞાન ભૂલો અને નબળાઈઓ હોવા છતાં પણ ભગવાનની કૃપા આપણને પ્રત્યેક સંજોગો દ્વારા અંતિમ સાક્ષાત્કાર પ્રત્યે લઈ જાય છે.''

**શ્રદ્ધાનાં સ્વરૂપો :**

શ્રદ્ધા આપણા સમગ્ર અસ્તિત્ત્વ સાથે જડાયેલી છે; પરંતુ તે જે ભૂમિકા ઉપર હોય છે, તે ભૂમિકાનું સ્વરૂપ ધારણ કરે છે અને તે રીતે કાર્ય કરે છે. એ સ્વરૂપો નીચે પ્રમાણે છે :

**મનોમય શ્રદ્ધા :** શ્રદ્ધા જ્યારે મનની ભૂમિકા ઉપર હોય ત્યારે તે મનોમય શ્રદ્ધા બને છે. આ શ્રદ્ધા સઘળી શંકાઓનું સમાધાન કરી આંતર-શ્રદ્ધાને બળવાન બનાવે છે. આ શ્રદ્ધા સાચા જ્ઞાન પ્રત્યે લઈ જાય છે.

**પ્રાણમય શ્રદ્ધા :** પ્રાણની ભૂમિકા ઉપર રહેલી શ્રદ્ધા પ્રાણમય છે. એ દ્વારા પ્રાણમય પુરુષને એવી ખાતરી હોય છે કે ગમે તેવા વિકટ સંજોગોમાં પણ પ્રભુની સહાય અને રક્ષણ મળશે જ.

**શારીરિક શ્રદ્ધા :** શારીરિક ભૂમિકા પરની શ્રદ્ધા એ શારીરિક શ્રદ્ધા છે. મનુષ્યના અન્નમય પુરુષને એવી ખાતરી હોય છે કે પ્રભુ તેનાં દુઃખોને દૂર કરી રહ્યા છે. તે શારીરિક શ્રદ્ધા છે. આ શ્રદ્ધા મનુષ્યને શારીરિક દુઃખો, વેદનાઓ, કષ્ટોમાંથી સ્વસ્થતાપૂર્વક પસાર થવાની શક્તિ આપે છે.

**ચૈતસિક શ્રદ્ધા :** આ શ્રદ્ધા આત્માની ભૂમિકા પર રહેલી છે. તે પ્રભુ પ્રત્યે દોરી જનારી છે. પ્રભુની સાથે તાદાત્મ્ય સ્થાપવામાં આ શ્રદ્ધા ખૂબ સહાયક બને છે. દિવ્યરૂપાંતર માટે આ શ્રદ્ધાની આવશ્યકતા છે.

આમ તો શ્રદ્ધા એક જ છે, પણ આ બધા ભાગોમાં રહેલી છે. જો એ સક્રિય શ્રદ્ધા હોય અને સાથે સાચું સમર્પણ હોય તો દિવ્યરૂપાંતરની સાધના ઝડપી બને છે.

(ક્રમશઃ)

**Sponsorship**
This issue is sponsored by
**RAVINDRA & TARLIKA PATEL OF U.S.A.**

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

(માતૃવાણી - ૪) (૧૦ ફેબ્રુ. ૧૯૫૧) પૃ.૧૦૧-૧૦૮)

## સંપૂર્ણ મુક્તિનો અર્થ

પ્રકરણ - ૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ભગવાનના આદેશને અનુસરવાને તમે તૈયાર હો તો જે કાર્ય તમારા હાથમાં સોંપવામાં આવે.... તો તે ઉપાડી લેવાની તમારામાં તૈયારી હોવી જોઈએ. પૃ.૧૦૧

૨ કોઈ પણ પદાર્થ ઉપર યા તો જીવનની કોઈ પણ રીતિ ઉપર કોઈ પણ પ્રકારની આસક્તિ ન હોવી જોઈએ. પૃ.૧૦૧

૩ ('સંપૂર્ણપણે મુક્ત થવું'નો અર્થ એવો નથી) કે કોઈની રોકટોક વિના ગમે તે પ્રકારની મૂર્ખતા આચારવાની છૂટ. પૃ.૧૦૧

૪ (સ્વાતંત્ર્યનો અર્થ છે) સર્વ પ્રકારની આસક્તિઓ, અજ્ઞાન અને પ્રતિકાર્યોમાંથી મુક્તિ, ભગવાનને પૂર્ણ સમર્પણ કરવા સિવાયની બીજી બધી વસ્તુઓમાંથી મુક્તિ. પૃ.૧૦૩

૫ એક નાનું બાળક પણ તમને બોધપાઠ આપી શકે છે..... બોધપાઠ ગ્રહણ કરી શકો..... તો તમે એમાંથી ઘણો ફાયદો ઊઠાવી શકશો. પૃ.૧૦૩

૬ વ્યક્તિએ પોતાનું બંધારણ બદલવું હોય તો ૩૫ વર્ષ લાગે છે (દીક્ષા આપવાની પદ્ધતિમાંનો ઉપદેશ) પૃ.૧૦૪

૭ સમાજ જીવન... સત્ય ઉપર નહિ... અસત્ય ઉપર પ્રતિષ્ઠિત છે. પૃ.૧૦૪

૮ એક નાનકડા બાળક જેવા આજ્ઞાંકિત બનો, તો પછી વસ્તુઓ ઘણી ત્વરિત બની શકે છે. પૃ.૧૦૬

૯ જ્યાં સુધી પરમ તાદાત્મ્ય.... (નથી) ત્યાં લગી સ્વપ્રયત્નની જરૂર રહે છે જ. પૃ.૧૦૬

૧૦ તમારે સચેત, શાંત અવસ્થામાં રહીને આંતર-પ્રેરણા પ્રાપ્ત થાય તેની રાહ જોવી જોઈએ. પૃ.૧૦૭

૧૧ વસ્તુઓનો નિર્ણય તમારી અંદરથી આવતો નથી, પણ તે ઉપરથી આવે છે. પૃ.૧૦૭

૧૨ તમારા સ્વરૂપની રચના એક જ વસ્તુમાંથી થએલી નથી. પૃ.૧૦૭

માતાજી 'માતાજીની વાણી' પુસ્તકના બીજા વાર્તાલાપમાંથી ફકરો વાંચી રહ્યાં છે. તેમાં માતાજી જણાવે છે કે ભગવાનનો આદેશ તમારે અનુસરવાને સતત તૈયાર રહેવું જોઈએ અને તે માટે તમે બધી જ આસક્તિઓ, પસંદગીઓ, અજ્ઞાનમાંથી મુક્ત થવું જરૂરી છે.

સંપૂર્ણપણે મુક્ત થવું એટલે સ્વચ્છંદી થવું કે રોકટોક વિના ઇચ્છાનુસાર વર્તવું એવો નથી. મુક્તિ આસક્તિઓમાંથી કરાવવાની છે, અજ્ઞાનમાંથી કરાવવાની છે, આપણા પ્રતિભાવોમાંથી કરાવવાની છે. ત્રણેમાંથી મુક્તિનો સમાવેશ થાય છે પ્રભુ પ્રત્યેના નિઃશેષ સમર્પણમાં.

તમે લોકોની પ્રશંસા કે ટીકા પ્રત્યે બેદરકાર રહેવું જોઈએ પણ તે પોતાના અહંકારથી નહિ. પણ પ્રભુનો સંકલ્પ તેઓ જાણતા નથી, તેથી અજ્ઞાનવશ ટીકા કરે છે કે પ્રશંસા કરે છે તેમ સમજીને. છતાં ટીકાનો અભ્યાસ કરીને ભૂલ સુધારીને પોતાને પ્રભુના સમર્પણભાવમાં વધારે સારી રીતે ગોઠવવામાં પ્રયત્ન તો કરવો જ જોઈએ, કારણ એક નાનકડું બાળક પણ તમને બોધપાઠ આપી શકે છે. લોકોની જેમ પરિસ્થિતિને તદ્દન ખરાબ કે સારી ગણો નહિ. તેમાં પોતે શું કાર્ય કરવા માંગે છે તેનો નિર્ણય લઈ તેટલું સંનિષ્ઠાથી કરો.

પ્રભુના અથવા ગુરુના આદેશની વિરુદ્ધની દરેક વસ્તુ બાબત ઉદાસીન, તટસ્થ રહો. અંતિમ નિર્ણય પ્રભુ ઉપર છોડી દો.

દરેક પ્રસંગ આપણને કાંઈક શીખવે છે. પરમ સત્ય તો એક જ છે પણ પરિસ્થિતિનુસાર તેની અભિવ્યક્તિ ફક્ત બદલાય છે.

**બાળક :** ''માતાજી, સંપૂર્ણ સમર્પણ શરૂઆતથી તો કરવું શક્ય નથી તો શું કરવું?''

**માતાજી :** ''બેટા, પોતાની પ્રકૃતિ બદલવા ઓછામાં ઓછા પાંત્રીસ વરસ લાગે છે એમ ગૂઢવાદીઓ દીક્ષા આપતી વખતે જણાવે છે. સારાંશ, અખૂટ ધીરજ રાખવી જરૂરી છે.

**બાળક :** માતાજી, બાળકોને અપાતાં પારિતોષકો શું પ્રલોભનો નથી ?

**માતાજી :** ''બેટા, સમાજ-જીવન સત્ય અસત્યનું મિશ્રણ છે. વળી બધાં જ બાળકો કાંઈ પ્રભુના આદેશને સમજતા નથી. તેથી તમને સારા સંસ્કારો સીંચવા પારિતોષિક જેવા પ્રયોગો કરવા પડે છે. શિક્ષકે પણ સાચી રીતે પોતે બાળકોને તેમના નિયતિ અનુસાર સંસ્કારો આપી પ્રભુનો આદેશ મેળવવાની ક્ષમતા તેઓમાં કેળવવાની હોય છે. પણ તેઓ પણ તે અજ્ઞાનવશ કરી શકતા નથી.

આ બધી વસ્તુઓ સમર્પણભાવ વધારવા માટે જ હોય છે. સારાંશ, દરેક સામાજિક જવાબદારી યજ્ઞકાર્ય (sacredocy) તરીકે કરવાનાં હોય છે. આશ્રમનો મૂળ ઉદ્દેશ આ જ છે કે દરેક કાર્ય પ્રભુને સમર્પિતભાવે કરવાની ટેવ પાડવી. તે તેમનો સ્વભાવ બની જવો જોઈએ.

સારાંશ, પ્રભુના દિવ્ય-સ્વરૂપને વધારેમાં વધારે પ્રામાણિક રીતે જીવન દ્વારા પ્રગટ કરવાનો પ્રયત્ન આપણે કરવો જોઈએ. શરૂઆતથી સમર્પણભાવ ન જાગે તો બિલાડીનાં બચ્ચાંનો ભાવ ધારણ કરો. પોતાના પ્રયત્નો તો ચાલુ જ રાખવા છે પણ તેના પરિણામો પ્રભુને આધિન છે તેમ માનો. પરમ તાદાત્મ્ય પ્રાપ્ત થતાં જ આ બધા ઉપાયો ખરી પડે છે. પરમ તાદાત્મ્યમાં શાંત, નીરવ બની પ્રભુની આંતરપ્રેરણાઓ મેળવી તે અનુસાર જીવન જીવાય છે. તેમાં આપણા વિચારો ખલેલ પાડતાં નથી. પ્રભુનું ઊર્ધ્વમાંથી સંચાલન થતું હોય છે. આ સંચાલનને પૂર્ણતા બક્ષવમાં સમય લાગે છે, કારણ આપણું સ્વરૂપ અનેક તત્ત્વોનું બનેલું છે જે વિસંવાદી છે. યોગ્ય વખતે તે પૂર્ણતા પ્રાપ્ત કરે છે.


## રાજકોટ કેન્દ્રનાં નવા પ્રકાશનો

૧ **યોગ સમન્વય ભાગ-૨**

(શ્રી અરવિન્દના યોગસમન્વય ભાગ-૨ના મૂળ સંદર્ભો સાથે સુગમ વિવેચન કરતો ગ્રંથ). પૃ. ૨૨૪ - કિંમત : ૨૦૦/-

૨ **સાવિત્રીસાર - ભાગ-3**

(સાવિત્રી મહાકાવ્યના બુક-૧માંના કેન્ટો ૪ અને ૫નાં ગૂઢ રહસ્યોનો સાંગોપાંગ વિવેચન કરતો આ સીરીઝનો અંતિમ ગ્રંથ)

પૃ. ૨૪૨ - કિંમત - ૨૨૫/-

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૨૫)**

## આધ્યાત્મિક સમાજ - ૨

માનવવિકાસ ચક્ર ગ્રંથમાં શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે ઉત્ક્રાંતિના વિવિધ તબક્કાઓના અંતે મનુષ્ય મનના વિકાસ સુધી પ્રગતિ કરી શક્યો છે. આ દરમ્યાન વિવિધ પ્રતીકો, પરંપરાઓ અને તેને આનુષંગિક સામજિક સંસ્થાઓ વિકાસ પામી. પરંતુ વખત જતાં તે તમામ બીબાઢાળ સ્વરૂપની બની ગઈ. બહારથી દેખાતી આ સંસ્થાઓ પાછળ રહેલું સત્ય વિસરાઈ ગયું. પરંતુ, શ્રી અરવિન્દ કહે છે કે સંસ્થાઓ પાછળનું સત્ય વિસરાઈ જઈ શકે છે, તે નાશ પામતું નથી. પ્રતીકો પાછળનું મૂળ સત્ય હજુ હયાત જ હોય છે.

એ ખરું છે કે કોઈ પણ પ્રતીક કે પરંપરાના ભવ્ય ભૂતકાળના આધારે જ તેનો સ્વીકાર થઈ શકે નહીં. હાલના તર્ક-બુદ્ધિ આધારિત યુગનું કાર્ય પૂછપરછ કરવાનું, પ્રશ્નો ઉઠાવવાનું, શંકા કરવાનું કે સત્યની ખોજ કરવાનું છે. કોઈ પ્રતીક કે પ્રણાલિકા સાથે લોકો સંમત થાય એટલા માત્રથી જ તર્કબુદ્ધિ તેનો સ્વીકાર નહીં કરે. પ્રતીકો પાછળના સત્યને પણ તે આખરી સત્ય માની લેશે નહીં. તે એવો પ્રશ્ન પૂછશે કે શું આવું સત્ય શ્રેષ્ઠ અથવા આદર્શ સ્વરૂપનું છે કે કેમ ? શું તેનાથી પણ કોઈ વધુ મહાન સત્ય શોધવાનું રહી જતું નથી ને ?

શ્રી અરવિન્દ કહે છે કે એ જરૂરી છે કે મનુષ્ય તેની બુદ્ધિ દ્વારા જે તર્કને યોજે છે તે વૈશ્વિક સ્તરે સ્વીકારી શકાય તેવો હોય. આવા સર્વ સ્વીકાર્ય તર્ક દ્વારા માનવજીવનને સમગ્રપણે અસર કરતી બાબતોને શોધી કાઢવામાં ન આવે ત્યાં સુધી તર્કબુદ્ધિની આવી ખોજ ચાલુ જ રહેશે. વળી સમગ્ર માનવજીવનને અસર કરતી બાબતોમાં કોઈ દોષ, ત્રુટિ કે ક્ષતિ રહી ગયાં હોવાનું જોવા મળે તો પણ તર્કબુદ્ધિનું કાર્ય ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી ક્ષતિપૂર્તિ થઈ જાય નહીં.

અહીં શ્રી અરવિન્દ એવી સ્પષ્ટતા ઉમેરે છે કે વૈશ્વિક ધોરણે અજમાવી શકાય તેવો તર્ક સત્તા પરના કોઈ વગદાર વર્ગનો કે માત્ર અગ્રણી વિચારકોનો જ નહિ હોય. જો તેમ હોય તો એવો ભય ચાલુ રહે છે કે સત્તા પરના વગદાર લોકો અને અગ્રણી

વિચારકોના વિચારો, મત કે નિર્ણયો નિમ્ન - તાર્કિકતામાં સપડાએલા લોકોના વિશાળ વર્ગને સ્પર્શી નહીં શકે અને સમાજની હયાત અપૂર્ણતાઓ અને અસમાનતાઓ ચાલુ જ રહેશે.

શ્રી અરવિન્દ કહે છે કે તાર્કિકતાના યુગનો પ્રથમ નિયમ જ એ છે કે વ્યક્તિ પોતાની બુદ્ધિશક્તિ દ્વારા વિવિધ લોકોના મતો અને અભિપ્રાયો સંબંધી માહિતી મેળવી શકે અને તેમની પસંદગીઓ સાથે પોતાની પસંદગીઓનો તાલમેલ શોધી શકે. શ્રી અરવિન્દ સમજાવે છે કે એક નાની ગણાતી ઈંટ ભલે બિનમહત્ત્વની જણાતી હોય, છતાં તે સમગ્ર ઈમારતમાં પોતાનું અનિવાર્ય સ્થાન ધરાવે છે.

આમ છતાં, શ્રી અરવિન્દ તર્કબુદ્ધિની એક મર્યાદા વારંવાર દોહરાવે છે. તેઓ કહે છે કે મનુષ્યનો કહેવાતો બૌદ્ધિક વ્યવહાર લાંબો સમય ટકી શકતો નથી. તેનું કારણ એ છે કે સમાજનો સરેરાશ માણસ ખરા અર્થમાં બૌદ્ધિક પ્રાણી નથી. તે તો એક લાંબા નિમ્નબૌદ્ધિક યુગનો વારસો ધરાવે છે, જેનો પડછાયો વર્તમાન તાર્કિકતાના યુગ સુધી લંબાએલો જોઈ શકાય છે. તે અવારનવાર પોતાના સંકુચિત સ્વાર્થને આધિન વ્યવહાર કરતો માલુમ પડે છે. ક્યારેક તે તેનાથી વધુ ચતુર લોકોથી દોરવાઈને વર્તન કરતો હોય છે. તે પોતાની તર્કબુદ્ધિનો ઉપયોગ અન્ય લોકો સાથે સહમતિ સાધવાને બદલે તેમના વિચારોનો વિરોધ કરવા અને પોતાના પક્ષપાતપૂર્ણ મત કે અભિપ્રાયોને અન્ય લોકો પર લાદી દેવા માટે કરતો હોય છે. અલબત્ત, તે ઈચ્છે તો પોતાની તર્કબુદ્ધિનો ઉપયોગ સત્યની શોધ માટે કરી શકે. પરંતુ તે તેમ કરવાનું ટાળે છે. તેને મળેલા સ્વાતંત્ર્યનો ઉપયોગ અન્ય લોકો સાથે સંઘર્ષ કરવા અને તેમનો વિરોધ કરવા સારુ કરતો હોય છે. આથી વાસ્તવમાં બનતી ઘટનાઓ અને તેમની પાછળ રહેલા સત્ય વચ્ચે ઘણું મોટું અંતર ખડું થઈ જાય છે.

શ્રી અરવિન્દ સૂચવે છે કે આ પ્રકારના વિરોધાભાસોનો સ્વાભાવિક ઈલાજ શિક્ષણની પ્રાપ્તિ અને પ્રસારમાં રહેલો છે. વ્યક્તિ જન્મજાત બૌદ્ધિક પ્રાણી ન હોય તો પણ તેને શિક્ષણની મદદથી બૌદ્ધિક બનાવી શકાય છે. જ્ઞાનયુક્ત વ્યક્તિ ઘટનાઓનું પક્ષપાતરહિત અવલોકન અને પૃથ્થકરણ કરી શકે છે. તે વિચારોને સર્વસાધારણ લોકોના હિત માટે પ્રયોજી શકે છે એટલું જ નહીં, ઉચિત શિક્ષણ વ્યક્તિને તેની પોતાની અંદર રહેલા વિરોધાભાસોને શોધી કાઢવામાં અને તેમને દૂર કરવામાં મદદ કરે છે. શ્રી અરવિન્દ કહે છે કે આવું શિક્ષણ માત્ર જ્ઞાનનો જ નહીં પરંતુ તેનાથી આગળનો પ્રજ્ઞાના પ્રદેશનો વિષય છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## દિવ્ય-ક્ષમતાઓનું પ્રાગટ્ય

પ્રકરણ - ૧૦૭

(Savitri B-1, C-3, P - 43)

The world was a conception and a birth
Of spirit in Matter into living forms,
And Nature bore the Immortal in her womb.
That she might climb through him to eternal life.

અખિલ બ્રહ્માંડમાં પોતાની ચેતનાને પ્રગટ કરવાનું જાણે મહાન-ક્ષેત્ર મળી ગયું હોય એવું અશ્વપતિને લાગે છે ! આ બ્રહ્માંડમાં ચેતનાને પૂર્ણરીતે પ્રગટ કરી શકે એવા રૂપો ઘડવા માટે જાણે અનંત અખતરા ચાલી રહ્યાં છે ! આપણી પૃથ્વી ઉપરનો ઉત્ક્રાંતિનો અખતરો તે પૈકી એક છે. શ્રી અરવિન્દે આ અખતરાનો સંકલ્પ કેવી રીતે રજત-પ્રકાશમય સત્-ચેતનામાં વવાયો તેનું વર્ણન કરીને પ્રભુ તે અખતરાને પાર પાડવા કેવા કેવા શ્રમ કરી રહ્યાં છે; તે તેમણે "A God's labour" કાવ્યમાં દર્શાવેલ છે. આપણું ભૌતિક-જગત એ પેલી સત્-ચેતનાએ જ લીધેલો ઘનીભૂત આકાર છે. આ સત્-ચેતના મારફત જ ચિત્-ચેતના જીવન તરીકે આવિર્ભાવ પામી રહી છે અને તે જીવનને પોતાની દ્વારા આનંદમય - ચેતના પ્રગટ થાઓ એ અભિલાષા છે. ઉત્ક્રાંતિનું આ મૂળભૂત સ્વરૂપ છે.

આ અખિલ બ્રહ્માંડનો ઉગમ પ્રભુના સંકલ્પમાંથી થએલ છે. Conception એટલે સંકલ્પ કરવો. બીજો અર્થ થાય છે ગર્ભ-ધારણા. જાણે પ્રભુએ પોતે જ આ ભૌતિક જગતમાં 'ગર્ભ' તરીકે સ્થાન લીધું છે. (તસ્મિન્-ગર્ભં. દધામ્યહમ્-ગીતા)

તે ગર્ભ એક સુવર્ણમય પ્રકાશસ્વરૂપ છે. તે ચિત્-ચેતનાનો ગર્ભ છે, તે 'જીવન'નો ગર્ભ છે. તે પ્રભુની હાજરી સ્વરૂપ સુવર્ણમય તણખો છે. આને જ વેદો હિરણ્ય-ગર્ભ કહે છે.

વૈશ્વિક કક્ષાએ જે હિરણ્ય ગર્ભ છે તે વ્યક્તિગત કક્ષાએ ચૈત્યપુરુષ છે, જેણે પોતાની અંદર સુવર્ણમય પ્રકાશ - સ્વરૂપ પ્રભુની હાજરી ધારણ કરેલ છે. આ સુવર્ણમય હાજરી એ જ જીવાત્મા છે, જે પ્રભુનો સાચો અંશ છે. તે જીવાત્માએ પછી દિવ્યપ્રકૃતિનું સ્વરૂપ ધારણ કરીને પોતાનું વ્યક્તિત્વ રચ્યું છે, "being" રચ્યું છે. તેને કહે છે ચૈત્યપુરુષ અર્થાત્ "psychic - being". સુવર્ણમય હાજરી એ ગર્ભધારણા છે, "conception", તો ચૈત્યપુરુષ એનો 'જન્મ' છે, "birth" છે. આ આધ્યાત્મિક-જન્મને કારણે જ જડપ્રકૃતિનાં સ્વરૂપોમાં ચેતના આવી છે. જીવન પ્રગટ થયું છે. તે "living form" બની ગયું છે. ચેતનપ્રાણી બન્યું છે. આવી રીતે નિસર્ગે સનાતનતત્ત્વને પોતાના ગર્ભમાં ધારણ કરેલ છે. આ ગર્ભ ધારણ કરવાનો એક ખાસ હેતુ છે અને તે છે કે તેની સમગ્રપ્રકૃતિ તે ગર્ભના વિકાસ સાથે ચૈત્યપુરુષના વ્યક્તિત્વનાં ઘટકો સ્વરૂપે વિકાસ પામે. પ્રકૃતિ કોઈ જુદું તત્ત્વ નથી જ. તે પણ ચેતનાની જ ઘનીભૂત અવસ્થા છે. ચેતના જ પોતાની ઘનીભૂતતા મારફત પ્રગટ થવા પ્રયત્ન કરી રહી છે. તે પ્રકૃતિને પણ સનાતન જીવનની પ્રાપ્તિ કરવી છે. સનાતન જીવન એટલે હાલમાં છે તે જ ચેતનાની સ્થિતિમાં દેહને અમર કરવાની આ ખેવના નથી, પણ પરમ-ચેતના સાથે એકરૂપતા સાધેલી ચેતાનએ પ્રકૃતિદ્વારા પોતાને શુદ્ધ અને નિત્ય સ્વરૂપે પ્રગટ કરવાની ખેવના છે. પ્રકૃતિને પોતે ઉત્ક્રાંત થઈ સનાતન-ચેતનાનું વાહક બનવું છે. તે જ સનાતન-જીવન છે. જીવન દ્વારા સનાતન ચેતનાને યથાર્થ રીતે પ્રગટ કરવી એ જ સનાતન-જીવન છે. ઉત્ક્રાંતિ એ જ પ્રકૃતિનો સ્વધર્મ છે.

His being lay down in bright immobile peace
And bathed in wells of pure spiritual light;
It wanted in wide fields of wishdom self
Lit by the rays of an everlasting Sun.

આ જે સનાતન-જીવન છે તેનું આંતરિક-સ્વરૂપ શું છે ? શ્રી અરવિન્દ જણાવે છે

કે જ્યારે આપણે સનાતન-જીવન જીવતા હોઈએ છીએ ત્યારે સાધકને પોતાની ચેતના અસીમ બની, પ્રકાશમય થઈ, અચલ સ્થિતિમાં સર્વત્ર પથરાએલી લાગે છે. બધી જ ચીજવસ્તુઓ, વ્યક્તિઓમાં તે ઓતપ્રોત હોઈને બહાર પણ ફેલાએલી હોય છે. તે નથી એવી ખાલી જગ્યા દેખાતી નથી. હૃદયની આંખે આ વસ્તુ પ્રત્યક્ષ દેખાતી હોય છે અને એવી ચેતનાનાં દર્શન કરતી વખતે સાધકને તે પોતાની જ ચેતના લાગે છે અને એક પ્રકારની અખંડ શાંતિ અને સમતાનો ભાવ વિલસતો હોય છે. અશ્વપતિને લાગ્યું જાણે પોતે તેવી ચેતના પ્રદેશમાં પોતે પગલું માંડ્યું છે. અશ્વપતિની ચેતના જાણે તે ચેતનાનાં પ્રકાશમાં ભીંજાઈ રહી હતી ! તે પ્રકાશ શુદ્ધ આધ્યાત્મિક - આત્માનો પ્રકાશ હતો, ચેતનાનો પ્રકાશ હતો. તે આત્મ-પ્રકાશને અસીમતામાં જ (Wide field) રહેવાની ટેવ હતી. તેને આત્માનાં દિવ્યજ્ઞાનનાં પ્રદેશમાં જ ફેલાવું ગમતું, રમવું ગમતું હતું. તે એવો પ્રદેશ હતો જ્યાં પેલી સનાતન - ચેતનાનો સૂર્ય તપતો હતો. આત્મતત્ત્વ ત્યાં પ્રગટ રીતે રહેતું હતું અને મુક્ત રીતે કાર્ય કરતું હતું. તેનો પૂર્ણપ્રભાવ સમગ્ર વાતાવરણને ઘેરી લેતો હતો.

Even his body's subtle self within
Could raise the earthly parts towards higher things
And feel on it the breath of heavenlier air.

તે વાતાવરણ એટલું તો પ્રભાવી હતું કે શરીરનાં કોષોમાં રહેલી કોષગત-ચેતનાએ દરેક શારીરિક કોષનાં ભૌતિક તત્ત્વોને પણ ઊર્ધ્વ-ચેતનાને ધારણ કરવાની અભીપ્સા સેવતાં કર્યાં હતાં અને તેને કારણે પરમ-ચેતનાનો સ્પર્શ પોતે અનુભવી શકતાં હતાં. પરમ-શક્તિને પોતામાં રમતી, કાર્ય કરતી અનુભવી શકતાં હતાં. આ અનુભવ તદ્દન નક્કર અર્થાત્ ભૌતિક-સ્વરૂપનો જ હતો.

Already it journeyed towards divinity;
Upbuoyed upon winged winds of rapid joy,
Upheld to a light it could not always hold,
It left mind's distance from the Truth Supreme
And lost life's incapacity for bliss.
All now suppressed in us began to emerge.

આ બધાં શારીરિક - કોષોએ તો દિવ્યતા ધારણ કરવાની શરૂઆત ક્યારની કરી

દીધી હતી અને તેને કારણે તેઓમાં તીવ્ર આનંદ (rapid Joy)ની લહેરો ઊઠી રહી હતી. જાણે આ તીવ્ર આનંદની પાંખો ફૂટી હતી અને તેની મદદથી કોષો વધારે ને વધારે ઊર્ધ્વ ચેતનાનાં પ્રદેશમાં ઉપર ઊડી રહ્યાં હતાં (upbouyed). આ ઊર્ધ્વારોહણને કારણે તેઓ જે દિવ્યાનંદને પોતે ધારણ કરી જ શકતાં નહોતા, તેને પણ ધારણ કરવા લાગ્યાં હતાં. પહેલાની અક્ષમતાને જાણે વટાવી ચૂક્યાં હતાં. પહેલાં પોતાના જડ તમોગ્રસ્ત ભૌતિક-મનને કારણે જે પરમ-સત્યને ધારણ કરવામાં મુશ્કેલીઓ ઊભી થતી હતી તે હવે હળવી થતી જઈ રહી હતી. મન અને પરમ-ચેતના વચ્ચેનું અંતર જાણે ઘટી ગયું હતું ! જીવન જે આનંદને ધારણ કરવા અક્ષમ હતું, તે જ જીવન હવે પેલા દિવ્ય-પ્રભાવને કારણે ધીમે ધીમે આનંદને ધારણ કરતાં શીખી રહ્યું હતું. અશ્વપતિને લાગ્યું કે માનવમાત્રમાં જે બીજરૂપે દબાઈને પડેલું હતું, તે સર્વ હવે ઉપરના સ્તરે પ્રગટ થવા લાગ્યું હતું; તે જીવનમાં પ્રવેશવા લાગ્યું હતું.

આવી રીતે અશ્વપતિ ઉપરનાં અચિત્‌નો પ્રભાવ ઘટવાની શરૂઆત થવા લાગી અને તેને સનાતન-જીવનનો ખ્યાલ આવવા લાગ્યો.

Thus came his soul's release from Ignorance.
His mind and body's first spiritual change.
A wide God-knowledge poured down from above.
A new world-knowledge broadened from within:
His daily thoughts looked upto the True and One.
His commonest doings, welled from an inner Light.

આવી રીતે અશ્વપતિની ચેતનાની અચિત્‌નાં પ્રભાવમાંથી મુક્તિનો પ્રારંભ થઈ ચૂક્યો હતો અને તેનાં મન અને શરીરમાં પ્રથમ જ સાચા અર્થમાં આધ્યાત્મિક ફેરફાર થવાની શરૂઆત થઈ હતી. આને શ્રી અરવિન્દ રૂપાંતરની પ્રક્રિયા Transformation કહે છે. તેના ત્રણ તબક્કા વર્ણવેલાં છે, જે પૈકી આ પ્રથમ તબક્કાને તેઓ "Psychic - tranformation" અર્થાત્ ચૈતસિક રૂપાંતર કહે છે. તેમાં સાધકનાં મન, પ્રાણ અને શરીર અર્થાત્ આધાર ઉપર ચૈતસિક-પ્રભાવ પડીને તેઓ ચૈત્યપુરુષના સંકલ્પાનુસાર પોતાનો ઘાટ ધારણ કરતાં થાય છે. તેના વાહક અને તેના આવિર્ભાવનાં સાધનો બનતાં જાય છે.

પ્રજ્ઞા-શક્તિ જાગૃત થવાથી ઊર્ધ્વ-ક્ષેત્રમાંથી દિવ્યજ્ઞાનની ધારાઓ ચિત્તમાં પ્રવેશતી હોય છે અને વિનાપ્રયાસે, અનપેક્ષિત રીતે, અચાનક તે જ્ઞાન મળતું હોય છે એવું સાધકને લાગે છે. જાણે કોઈ તેમનો હિતેચ્છુ અદૃશ્ય રહીને તેમની સાધનામાં મદદ કરી રહ્યો છે. ઘણી વખત તે પ્રજ્ઞા-જાગરણનું પરિણામ હોય છે. આ આંતરપ્રેરણાથી તન અલગ અને જોડાણ વગરના જ્ઞાનના ટુકડાઓ વચ્ચેની ખાઈ ભરાઈને તે સળંગ વિશાળ જ્ઞાન બનતું લાગે છે, જે જગતની બધી જ ઘટનાઓનું સ્પષ્ટીકરણ આપી શકે છે અને પ્રભુ બાબતની સાચી સમજણ વિકસાવી શકે છે (Wide God-knowledge) એવી જ જગત બાબતના વૈજ્ઞાનિક-જ્ઞાન બાબત થાય છે. અલગ-અલગ વિજ્ઞાનનાં અલગ-અલગ નિયમો વચ્ચે કોઈ સંબંધ સ્થપાઈને એક જ સિદ્ધાંત બધે કાર્ય કરતો લાગે છે. આ વસ્તુ પણ બાહ્ય પ્રયોગ દ્વારા નહિ, પણ આંતરિક - પ્રેરણાઓથી થતું હોય છે (World-knowledged broadened from within)

જીવનમાંની બધી જ ઘટનાઓ પણ તેને પેલા 'એકમેવાદ્વિતીયમ્' નું જ ભાન કરાવે છે. જીવનની દરેક પળ સાધનામય બની જાય છે અને જીવનમાંનાં બધાં જ કાર્યોને એક ઊંડો અર્થ સાંપડે છે, આધ્યાત્મિક આધાર મળે છે. આંતર-પ્રકાશથી સમજણ વધારે સ્પષ્ટ અને વિશાલ બનતી જાય છે.

Awakened to the lines that Nature hides,
Affaned to her movements that exceed our ken,
He grew one with a covert universe.

નિસર્ગ અથવા પ્રકૃતિ એવી છે જેનો બહુ જ ઓછો દૃશ્યભાગ આપણે જોઈ શકીએ છીએ. તેનો વધારે ભાગ તો અદૃશ્ય અને આપણાથી અજાણ રહે છે. કોઈ સમુદ્રમાં તરતા હિમનગ જેવી સ્થિતિ હોય છે. પણ પ્રજ્ઞાની ક્ષમતા આ ગૂઢ જગતને પણ આવરી લેતી હોવાથી તેની દ્વારા આ ગૂઢ જગતનાં નિયમો અને તેની રચના વિષેનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે નિયમોમાં રહીને તે જગતમાં કેમ કાર્ય કરાય તેની ક્ષમતા વિકસાવી શકાય છે. આ બાબત આપણા ભૌતિક શરીરની ભૌતિક-ચેતનાનાં ક્ષેત્ર બહારની હોવાથી (exceed our ken) અત્યાર સુધી શક્ય નહોતી પણ હવે તે પણ શક્ય બની જાય છે. આ જે ગુપ્ત (covert) જગત છે તે પણ તેના

કાર્યનું ક્ષેત્ર બનતું જાય છે.

His grasp surprised her mightiest energies springs;
He spoke with the unknown Guardians of the world,
Forms he desired our mortal eyes see not.

તેની સમજણ-શક્તિની ક્ષમતા એટલી વધી ગએલી હોય છે કે તેનું તેને જ આશ્ચર્ય થાય છે. કારણ તે પ્રકૃતિની અતિભવ્ય અને પ્રચંડ વૈશ્વિક-શક્તિઓનાં પણ મૂળસ્ત્રોતને જાણતો થાય છે અર્થાત્ તે અખંડ સ્ત્રોતમાંથી પોતે કેવી રીતે શક્તિ મેળવવી તેની પદ્ધતિ તે જાણી ચૂક્યો હોય છે. તેણે પ્રજ્ઞાને જાગૃત કરી હોવાથી તે ગૂઢ જગતનાં સંરક્ષકો, જે અનધિકૃત લોકોને તે જ્ઞાન આપતા જ નથી; તેઓ હવે સ્વખુશીથી આ સાધકને પોતાના જગતનાં ગૂઢ-રહસ્યો જણાવે છે. તેઓ જાણતા હોય છે કે આ પ્રભુના લાડલાને અધિકાર આપવાનું પ્રભુએ જ ઠરાવ્યું છે, તેથી તેઓ પણ સાધકની જિજ્ઞાસાને સંતોષે છે; એટલું જ નહિં તે ગૂઢ જગતનાં અવનવા દર્શનો તેને થતાં હોય છે (desiried), જે નરી આંખે આપણે જોઈ શકતાં નથી.

His wide eyes bodied viewless entities,
He saw the cosmic froces at their work
And fell the occult impulse behind man's will.

નરી આંખે ન દેખાતી વસ્તુઓનાં આકાર તેની તે દિવ્યક્ષમતા ધરાવતી આંખો જોવા માંડે છે. વૈશ્વિક-શક્તિઓ કેવી રીતે જગતને ઘાટ આપવા મથી રહી છે, તે પણ તે બરાબર સમજતો હોય છે અને તે અનુસાર પોતાનાં કર્મોને અનુકૂળ રીતે ગોઠવતો હોય છે અને કોઈ માનવ ખાસ આ રીતે જ શા માટે વર્તી રહ્યો છે અથવા વિચારી રહ્યો છે, તેની પાછળ રહેલી ગૂઢ-પ્રેરણાઓને અને શક્તિઓને પણ તે ઓળખતો થાય છે.

**પૂર્ણયોગનો સિદ્ધાંત**

આ યોગનો આખો યે સિદ્ધાંત એ છે કે ફક્ત પ્રભુને જ પોતાની જાત સમગ્રપણે અર્પણ કરવી, બીજી કોઈને ય કે કશાને ય નહિ. અને દિવ્ય માતૃશક્તિ સાથેની એકતા વડે અતિમનસ દિવ્યતાનાં, સમગ્ર પરાત્પર પ્રકાશ, વિશાળતા, શાંતિ પવિત્રતા, સત્ય ચેતના, અને આનંદને આપણામાં ઉતારી લાવવા.

- શ્રી અરવિન્દ

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## ત્રિણાચિકેત - વિદ્યા

પ્રકરણ-૩૨ (કઠોપનિષદ)

કેનોપનિષદમાં એમ જણાવેલ છે કે બ્રહ્મતત્ત્વને તાદાત્મ્યભાવથી જ જાણી શકાય છે. આ સિદ્ધાંતને જ સ્વીકારી કઠોપનિષદ કેનોપનિષદમાં જણાવેલ પ્રશ્નથી જ શરૂઆત કરે છે. તે માટે યમ-નચિકેતા સંવાદનું આખ્યાન જણાવે છે.

જો બ્રહ્મતત્ત્વ મન, બુદ્ધિથી જાણી શકાતું નથી, પ્રવચનો સાંભળીને સમજી શકાતું નથી, શાસ્ત્રો વાંચીને જાણી શકાતું નથી તો તેને જાણવું કેવી રીતે તેના જવાબરૂપે ઉપર જણાવેલાં વ્યાખ્યાન દ્વારા જવાબ આપે છે. નચિકેતાને બ્રહ્મતત્ત્વ જાણવું છે. તેના જવાબરૂપે યમરાજા તેને ત્રિણાચિકેત અગ્નિ દ્વારા તેને કેવી રીતે જાણી શકાય છે, તેની યુક્તિ બતાડે છે.

જેમ યમરાજાએ નચિકેતાને બ્રહ્મતત્ત્વની અભિવ્યક્તિ સ્વરૂપ આપણા સ્વરૂપનાં ત્રણ શુદ્ધ નિધૂર્મ અગ્નિના અસ્તિત્વને અને તેમના કાર્યને સમજાવ્યા (ત્રિણાચિકેત) તેમ આપણે પણ આ ત્રણ અગ્નિનો સાક્ષાત્કાર પ્રથમ કરવો જોઈએ, તે પછી જ બ્રહ્મતત્ત્વનો ખ્યાલ આપણને સ્વાનુભાવથી અપાવશે. આ ત્રણ અગ્નિ છે - ક્ષરપુરુષ (ચૈત્યપુરુષ), અક્ષરપુરુષ અને પુરુષોત્તમ.

યમરાજા જણાવે છે તેમના અનુભવથી જ સમજાશે કે બ્રહ્મતત્ત્વ સ્વરૂપ ૐકાર શું છે, કારણ ૐકાર એ બ્રહ્મતત્ત્વનું જ નામ છે (તસ્ય વાચકઃ પ્રણવઃ - યોગસૂત્રો) પણ આ સાધનાપથ તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠણ છે. સંતપુરુષોના સમાગમથી જ તે જાણવાની તાલાવેલી માનવમાં જાગે છે. તે પછી તેનો જ આત્મા પોતાની શક્તિથી તેની ઓળખાણ કરી લેશે (આત્મના વિંદતે વીર્યમ્) યમરાજા : નચિકેતા, શરીરને રથ સમજ, આત્માને રથિ. બુદ્ધિને સારથિ અને મનને લગામ સમજ. ઇન્દ્રિયોને ઘોડા સમજ અને ઇન્દ્રિયોના વિષયોને માર્ગ. જીવ આ રીતે બુદ્ધિ સાથે એકરૂપ થઈને મન, ઇન્દ્રિયો અને વિષયો સાથે જોડાઈને વિષયોનો ભોકતા બની જાય છે. ઇન્દ્રિયો ખરાબ ઘોડાની જેમ જીવને વાસનામાં પછાડે છે. બુદ્ધિમાં સારથિની જેમ ઇન્દ્રિયોને વશ કરવાની ક્ષમતા છે, આવી રીતે ઇન્દ્રિયોને વશ કરનાર વ્યક્તિ જ બ્રહ્મતત્ત્વને જાણવા સક્ષમ બને છે.

આ સંસારરૂપી વૃક્ષનાં મૂળિયાં સ્વરૂપ બ્રહ્મતત્ત્વ ઊર્ધ્વમાં વસેલું છે. તેના આધારે જ સંસાર ટકી રહ્યો છે. તે બ્રહ્મતત્ત્વને જ શુદ્ધ અને અમૃતતત્ત્વ કહે છે. બ્રહ્મતત્ત્વથી ઉપર કાંઈ જ નથી.

હે નચિકેતા, ઉપર જણાવ્યા મુજબ બ્રહ્મતત્ત્વને જીવ જ (ચૈત્યપુરુષ જ) જાણી શકે છે. તે માનવના હૃદય-પ્રદેશમાં અંગૂઠાના આકારનું જ્યોતિર્મય લિંગ છે. તેણે બુદ્ધિ સાથે જે એકરૂપતા ધારણ કરી છે તેથી તેને જુદો પાડવો જરૂરી છે. તેથી આપણા બુદ્ધિ અને મનનાં કાર્યોનો પણ સાક્ષીભાવે જોવાનો અભ્યાસ કરવો પડશે. તે સિદ્ધ કરવાથી ક્ષરપુરુષનો સાક્ષાત્કાર થશે જે દિવ્ય અભીપ્સાથી પરિપૂર્ણ જણાશે. તે પછી અક્ષરપુરુષની સાધના શરૂ થાય છે, જેમાં એક જ અગ્નિ વિવિધ સ્થળે વિવિધ રૂપે પ્રગટ થાય તેમ એક જ બ્રહ્મતત્ત્વ વિવિધ હૃદયોમાં વિવિધ ચૈત્યપુરુષો રૂપે પ્રગટ થએલ છે; એવા ભાવનો અભ્યાસ કરવો જરૂરી છે જેથી સર્વવ્યાપી નિર્લેપ અક્ષરપુરુષનો સાક્ષાત્કાર થાય છે.

આ અભ્યાસ પૂર્ણ થતાં સાધકને જણાશે કે તે નિર્લેપ અક્ષરપુરુષમાં જ ઓંકારનાદ ઊઠી રહ્યો છે. તે નાદ ખરેખર તો પ્રભુના સંકલ્પમાંથી ઊઠતાં આંદોલનો (છંદ) સ્વરૂપ હોય છે. તે નાદ નિર્લેપ આકાશવત્ અક્ષરપુરુષમાંથી પસાર થઈને ક્ષરપુરુષને પ્રેરણા સ્વરૂપે અનુભવાય છે. આ સમગ્ર પ્રક્રિયા બ્રહ્મતત્ત્વમાંની પ્રજ્ઞાશકિત કરતી હોય છે. બ્રહ્મની જ્ઞાન અને સર્જનશક્તિ એટલે જ પ્રજ્ઞા. (પ્રજ્ઞાનંબ્રહ્મ) અને આ સમગ્ર સંસાર પ્રજ્ઞાશક્તિની જ ઉપજ છે. તેણે જ બ્રહ્મતત્ત્વને સાકાર વિશ્વ તરીકે રજૂ કરેલ છે.

હવે ત્રીજા અગ્નિનો સાક્ષાત્કાર કરવાનો રહે છે. બ્રહ્મતત્ત્વ ફક્ત સાકાર, સગુણ, સક્રિય ચૈત્યપુરુષ અને જગત નથી. તે જ નિરાકાર, નિર્ગુણ, નિષ્ક્રિય અક્ષરપુરુષ પણ છે અને બન્નેથી પર બધું જ છે.

આવી રીતે ત્રણ શુદ્ધ નચિકેત અગ્નિનો આ સાક્ષાત્કાર અંતે બ્રહ્મજ્ઞાન આપે છે. તે બ્રહ્મતત્ત્વને સાંભળીને, વાંચીને સમજી શકાતું નથી.

આ રીતે જ બ્રહ્મતત્ત્વને જાણી શકાય છે. યમરાજાનો ઉપદેશ અહીં પૂરો થાય છે.

ઉદ્દાલક મુનિનાં પુત્ર નચિકેતાએ આ સમજીને યમરાજાના આદેશ મુજબ સાધના કરીને બ્રહ્મ સાક્ષાત્કાર કર્યો.

ઉદ્દાલક મુનિ અનેક યજ્ઞો કરતાં હતાં. તેમણે સ્વર્ગપ્રાપ્તિ માટે એક યજ્ઞમાં હજાર ગાયો દાનમાં આપવાનો સંકલ્પ કર્યો. ખર્ચ ઘટાડવા દૂબળી, વસૂકી ગએલી, ઘરડી, માંદી ગાયો ખરીદી. આ જોઈને તેમનો પુત્ર નચિકેતા દુઃખી થઈ ગયો. પિતાને સ્વર્ગ આમ નહિ મળે તેવું લાગવાથી પિતાને કહ્યું.

''આપ મારું દાન કરો, આપને સ્વર્ગ અવશ્ય મળશે.''

પિતાએ મશ્કરીમાં કહ્યું, ''પણ તને તો જન્મથી જ મૃત્યુને ધરી દીધો છે.''

નચિકેતાએ તે વસ્તુ પકડી લીધી અને મૃત્યુને મળવા ઉપડી ગયો. ત્રણ દિવસે તેને યમરાજાનો ભેટો થયો. તેણે યમરાજાનાં અન્ય વરદાનો ન માગતા આત્મસાક્ષાત્કાર માગ્યો અને તેથી ઉપરનો ઉપદેશ યમરાજાએ તેને આપ્યો. તે મુજબ સાધના કરી.

નચિકેતા બ્રહ્મજ્ઞાની બની ગયો.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૬

## પૂર્ણયોગ અને કુંડલિની યોગ વચ્ચેનો તફાવત

(ભા.૧, પૃ.૪૧૧-૪૨૦)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ કપાળનો મધ્યભાગ ફૂટીને તેમાંથી પ્રકાશ નીકળે છે..... સૂક્ષ્મ દૃષ્ટિ, સંકલ્પ અને દર્શન-કેન્દ્રનું ઉદ્‌ઘાટન સૂચવે છે. પૃ.૪૧૧

૨ સૂક્ષ્મ શરીર (સ્થૂળ) શરીરમાં ઓતપ્રોત થતું હોય છે. પૃ.૪૧૧

૩ કઈ રીતે આત્મતત્ત્વ એક સ્થૂળ ગ્રંથિમાં (મૂલાધારમાં) સમાઈ શકે ? પૃ.૪૧૨

૪ સામાન્ય મન અંતઃપ્રજ્ઞા અને ઊર્ધ્વમાંથી આવતાં સૂચનોને ગ્રહણ કરે છે..... ત્યાર પછી જ તેનું આધ્યાત્મિકરણ થાય છે. પૃ.૪૧૩

૫ અતિમનસ શરીરમાં ગોઠવાએલું નથી. પૃ.૪૧૪

૬ હૃદયનું કેન્દ્ર ચૈતસિક અને પ્રાણમય ચેતનાનું નિયંત્રણ કરે છે. પૃ.૪૧૪

૭ સૂક્ષ્મ દર્શનનું કેન્દ્ર કપાળનું ભ્રૂમધ્ય કેન્દ્ર છે (શિવનું તૃતીયનેત્ર) પૃ.૪૧૫

૮ આ યોગમાં સામાન્ય નિયમ છે ઉપરથી નીચે આવવું. પૃ.૪૧૬

૯ 'પશ્યંતિ' એ એવી વાણી છે જેમાં સત્યનું દર્શન સમાએલું છે. પૃ.૪૧૭

૧૦ વાણી કંઠસ્થ કેન્દ્રમાંથી (વિશુદ્ધિ) ઉત્પન્ન થાય છે. પૃ.૪૧૭

૧૧ ચૈત્યપુરુષ પોતાના માટે આધારમાં કેન્દ્રો નિર્માણ કરતો નથી. કેન્દ્રો ત્યાં રહેલાં જ છે. પૃ.૪૧૮

૧૨ યોગનું હૃદય કેન્દ્ર છાતીના મધ્યભાગમાં આવેલું છે. પૃ.૪૧૮

૧૩ નાડીઓ સમગ્ર શરીરમાં વહેંચાયેલી છે. પૃ.૪૧૯

જ્યારે ઊર્ધ્વ સ્તરની ચેતના સક્રિય બનીને નીચેના યોગચક્રોમાં પણ કાર્ય કરવા માંડે છે ત્યારે સાધકને વિવિધ અનુભૂતિઓ આવવાની શરૂઆત થાય છે. જ્યારે આજ્ઞાચક્ર સક્રિય બને છે ત્યારે કપાળનાં મધ્યભાગમાંથી પ્રકાશ ફૂટી નીકળતો

અનુભવાય છે. ત્યારે આંતર-મનોમય ચેતના ખુલતી હોય છે અને ઊર્ધ્વ-ચેતનાનો પ્રવાહ નીચે આવવા માંડે છે. પ્રકાશો અનેક કક્ષાનાં છે. જ્યારે આધ્યાત્મિક પ્રકાશ પ્રગટ થાય છે ત્યારે અચૂક જગન્માતાની હાજરી અનુભવાય છે. તેઓ જ દિવ્ય-શક્તિઓ નીચે રેલાવવાનું કામ કરે છે. સાધારણ રીતે તે પ્રકાશ શ્વેત અથવા ચાંદની જેવો દેખાય છે. આ પ્રકાશ આપણી સૂક્ષ્મ શરીરમાંની સૂક્ષ્મ ઇન્દ્રિયો અનુભવે છે.

સૂક્ષ્મ-શરીર એ સ્થૂળ શરીર અને ચૈત્યપુરુષને જોડનારી વચગાળાની વ્યવસ્થા સ્વરૂપ હોય છે. સૂક્ષ્મ અને સ્થૂળ શરીર એ ચૈત્યપુરુષના જગત સાથે સંપર્ક કરવાના સાધનો માત્ર છે. મનોમય અને પ્રાણમય જગત સાથે સૂક્ષ્મ-શરીર અને ભૌતિક જગત સાથે સ્થૂળ-શરીર સંપર્ક સાધે છે.

ચેતના અથવા આત્મતત્ત્વ અમુક ચક્રોમાં રહે છે. દા.ત. મૂલાધારમાં અને ત્યાંથી ઉપર ચડતું ચડતું સહસ્રાર ચક્રમાં સ્થિર થાય છે. આ કુંડલિની યોગની ભાષાનો અર્થ એ છે કે સાધના દરમિયાન જે તે ચક્ર જાગૃત થઈને સક્રિય બને છે તેની દ્વારા ચેતનાની ગતિવિધિ વિશેષ રીતે અનુભવાય છે.

યંત્રો અર્થાત્ ઇન્દ્રિયો વસ્તુની સ્થિતિ દર્શાવતાં નથી પણ તેનાં સંવેદનો કઈ છાપ પાડે છે તે જ દર્શાવે છે, આ સત્ય હવે ભૌતિકશાસ્ત્ર પણ માન્ય રાખે છે. ભૌતિક તત્ત્વ ખરેખર તો પ્રકાશ શક્તિનાં આંદોલનો અને તેથી સર્જાએલાં વમળો સ્વરૂપ જ છે એવું લાગે છે. આપણને તેની નક્કરતાનો, ગુણધર્મોનો અનુભવ આવે છે. તે તેણે નિર્માણ કરેલાં સંવેદનો સિવાય કાંઈ નથી. વાસ્તવિકતા તો એ છે કે શરીરમાં આત્મતત્ત્વ સમાએલ નથી પણ અસીમ આત્મતત્ત્વમાં શરીર સમાએલું છે. તેથી આત્મતત્ત્વ કોઈ ગ્રંથિમાં (યોગચક્રમાં) રહે છે એ વસ્તુ કહેવી યોગ્ય નથી.

મસ્કતના ઉપરની ચેતનાનાં અનુભવોની શરૂઆત પ્રકાશમય મનથી ઉપરનાં મનોમય વિસ્તારમાંથી જ આવવા માંડે છે. તે વખતે આ સંપર્ક ઊર્ધ્વમાં પરમાત્મતત્ત્વ સાથે અને નીચે ચૈત્યપુરુષ સાથે સંપર્ક સાધી આપી મસ્તક ઉપરની ચેતનાનો અનુભવ રચે છે. આ ચેતનાનું કેન્દ્ર અમુક સાધક મસ્કતની ઉપર, કોઈ ભ્રૂમધ્યમાં અથવા કોઈ હૃદયમાં અનુભવે છે. ત્રણેમાં સમાનતા એ હોય છે કે ચેતનાની અસીમતા, મુક્તતા, શુદ્ધતા, પ્રકાશમયતા સ્પષ્ટ અનુભવાય છે.

આમાં પ્રથમ સામાન્ય મન અંતઃપ્રેરણા ઝીલતું હોય છે અને તેની આજુબાજુ બુદ્ધિગમ્ય આયોજન ગોઠવી તેને વ્યવહારમાં મૂકતું હોય છે. તેનો શરૂઆતમાં ચેતનાની આંતર-ચેતનામાં પ્રવેશ હોતો નથી. વિકાસ થતાની સાથે તે આંતર-ચેતનામાં પ્રવેશી ચૈત્યપુરુષનો સંપર્ક સાધે છે. હજી વિકાસ થતા ઊર્ધ્વ-ચેતના પ્રત્યે

મસ્તકની ઉપર પણ ખૂલે છે. આવી રીતે ચૈત્યપુરુષ અને ઊર્ધ્વ-ચેતના પ્રત્યેનાં ખુલ્લાપણા સાથે અને તેમના સંપર્ક સાથે જ મનનું અધ્યાત્મિકરણની શરૂઆત થાય છે.

અતિમનસ - ચેતનાનું પોતાનું કોઈ શરીરમાં કેન્દ્ર નથી, પણ તે સહસ્રાર ચક્ર દ્વારા જ પોતાનો પ્રભાવ ફેલાવે છે. મસ્તક ઉપરનું કેન્દ્ર વ્યક્તિગત-ચેતના અને વૈશ્વિક-ચેતનાને જોડનારું કેન્દ્ર હોય છે. તે શરીરસ્થ-ચેતના અને અનંત-ચેતનાને જોડે છે.

ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવામાં હ્દયનું અનાહત ચક્ર અથવા સહસ્રાર ચક્ર ખુલવું જરૂરી છે. તે ચક્રો ચૈત્યપુરુષનો પ્રભાવ મન, પ્રાણ, શરીર ઉપર પાડવાનું કાર્ય કરે છે.

મગજ એ શારીરિક -ચેતના પ્રગટ કરવાનું સાધન છે પણ સાધના દ્વારા મગજને ઊર્ધ્વ-ચેતનાના અવતરણની નહેર બનાવી શકાય છે.

ભ્રૂમધ્ય અથવા આજ્ઞાચક્ર એ ત્રીજી આંખ છે જે ગુહ્યદર્શન અને ગુહ્યશકિતના સંચાલનનું કેન્દ્ર છે. સંકલ્પશક્તિ એ ગુહ્યશકિત જ છે. (ક્રમશઃ)

## મારાં બાળકો

જો તમે કોઈ મુશ્કેલ કાર્ય કરતાં હો તો તમે (મને) બોલાવો, જરૂર બોલાવો..... તમારા પ્રત્યે કોઈ અનિષ્ટ બનાવ ન બને તેના માટે, મને બોલાવો..... તમે અર્પણની ક્રિયા કરતા હો તે રીતે બોલાવો તો ઘણું સરસ.....

મને બોલાવવામાં આવે તેને હું વધારે પસંદ કરું છું.

- શ્રી માતાજી ૩૦, જુન ૧૯૫૪

(માતૃવાણી ભાગ -૬, પૃ.૧૯૫-૧૯૬)

## શ્રદ્ધાંજલિ

શ્રી અરવિન્દના અંતરંગ શિષ્યોની પેઢીના છેલ્લા અમલકિરણ (કે.ડી. શેઠના)ની ચેતનાનું વિશુદ્ધકિરણ તા.૨૯, જુન ૨૦૧૧ના રોજ શ્રી અરવિન્દની ચેતનાના મહાસૂર્યમાં વિલીન થઈ ગયું. ટ્રસ્ટી મંડળ, સહજ-સત્સંગના વાચકો સાથે તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપે છે.

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## બીજાને મદદ કરો

(પેજ - ૧૨૮-૧૨૯)

પાંચે પાંડવો માતા કુંતી સાથે એક મહેલમાં રહેતા હતા. તે મહેલ પુરોચનનો હતો. તેણે તે પાંડવોને રહેવા આપેલો. પણ પુરોચન દુર્યોધનનો મિત્ર હતો અને પાંડવોનો છુપો દુશ્મન. તેણે તે મહેલ લાખનો બનાવેલો હતો. લાખ તરત સળગી ઊઠે છે. તેને પાંડવોને બાળી મારવા હતાં.

એક દિવસ એક અપરિચિત પાંડવોને મળવા આવ્યો. તેણે કહ્યું : ‘‘મારા એક મિત્રે આપને મદદ કરવા મોકલ્યો છે.’’

‘‘તું શું કરીશ ?’

‘‘મને ભોંયરું ખોદતાં આવડે છે. હું તમને આ મહેલમાંથી ભાગી જવા એક ગુપ્ત ભોંયરું બનાવી આપીશ.’’

‘‘ભલે.’’

બે મહિનામાં ભોંયરું થઈ ગયું. પાંડવો ભોંયરાના મુખ ઉપર પાટ મૂકી તેની ઉપર જાજમ બીછાવી ભોંયરાને ગુપ્ત રાખવામાં સફળ થયાં.

પેલા અજાણ્યા હિતચિંતકે લાક્ષાગૃહ મહેલને આગ ચાંપવાનો દિવસ તેમને જણાવી દીધો. બરાબર તે જ રાત્રે મહેલ સળગી ઊઠ્યો. આગ અને ધુમાડાના ગોટેગોટા આસમાને ચડ્યા.

પાંડવો માતા કુંતી સાથે સલામત નાસી ગયાં. પુરોચન અને દુર્યોધનને લાગ્યું બધાં જ બળીને મરી ગયાં !

બાળકો, પોતાની ક્ષમતાઓને બીજાનું ભલું કરવામાં વાપરો. પ્રભુની તેવી ઈચ્છા છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જુલાઈનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

## દિવ્ય શાણપણ

**સમજૂતી : કમલેશ માંડવિયા**

સ્વચ્છ સફેદ કપડાં, લાંબા વાળ, ગળામાં મણકાની માળા અને મુખની આસપાસ એક આભા. આ જ શાણા માણસની આપણે માની લીધેલ પ્રતિકૃતિ છે.

આપણે કાર્ટુન ફિલ્મમાં જોઈએ છીએ કે કુંગ ફુ પાંડાનો કાચબો પણ પોતાની મૂર્ખતામાં પણ શાણી વાતો કરતો હોય છે. કહે છે કે ''ગઈકાલ ઈતિહાસ છે, આવતીકાલ તો જાણે અજ્ઞાત અને અજાણ છે. પરંતુ આજ જ એક બક્ષિસ (Gift) છે તેથી તો આપણે તેને બક્ષિસ (Present) કહીએ છીએ.'' આવા વિચારો પણ આજના માનવીના જ બનાવેલા હોય છે અને તે આ રીતે આપણામાં ઘણી વખત શાશ્વત સુધી રહે છે.

પરંતુ શાણપણ સર્વત્ર છે, અંદર-બહાર ગમે ત્યારે પોતાને પ્રગટ કરે છે. સામેના ચહેરામાં, શાંતિમાં અથવા તો આપણી પાછળથી અજાણતામાં જ. અચાનક ઝબકારાઓ, દૃશ્યો, આંતરપ્રેરણાઓ અને અનેક આવિર્ભાવો આપણી આસપાસ બનતા રહે છે. આપણે જોઈએ છીએ અને તેમાં ડૂબકીઓ લગાવીએ છીએ. આ તો પ્રભુની પ્રજ્ઞાની કમાલ છે. આપણે કહેવાતા, માની લીધેલા બુઝુર્ગ શાણા માણસની રાહ જોવાની જરૂર નથી. છેલ્લે શાણો કાચબો કહે છે : ''આપણે જે માર્ગનો ત્યાગ કરીને પ્રારબ્ધ બદલવા માંગતા હોઈએ છે તે પ્રારબ્ધ તે જ માર્ગે સામે આવીને ઊભું રહે છે''..... કેવું દિવ્ય શાણપણ !

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૩
(પૃ.૮૦-૮૩)

## નિર્વાણ અને વાસુદેવનો અનુભવ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Vasudev is the name of Krishna and in the Uttarpada I was speaking of Krishna. P.81

2 This (Yoga) began in London, sprouted the moment I set foot on Apollo Bunder, touching Indian Soil..... Flowered one day in the first year of my stay in Baroda, at the moment when there threatened to be an accident to my carriage. P.81

3 Realisation of self and love of the personal Divine are two different movements. P.81

4 My struggle has never been about the self. P.81

5 It is untrue to say that one must have a decisive or concrete experience before one can have love for the Divine. P.82

7 In my case it (Nirvan) was the first positive spiritual experience and it made possible all the rest of the Sadhana. P.82

8 The easiest (way)..... is to call down the silence from above you into the brain, mind and the body. P.83

શ્રી અરવિન્દને કોઈકે પૂછ્યું કે શું તેમનો મુંબઈમાંનો અદ્વૈતનો અનુભવ અને વાસુદેવનો અલિપૂર જેલમાંનો અનુભવ એક જ નથી ? ત્યારે શ્રી અરવિન્દે જણાવેલું કે તે બન્ને તદ્દન અલગ અલગ અનુભવ છે. વાસુદેવના અનુભવમાં પ્રમુખતઃ શ્રીકૃષ્ણનો તેમને બધામાં અનુભવ થતો હતો. તેમને એમ લાગતું હતું કે જજથી માંડી સિપાઈ, વૃક્ષો, બધું જ વાસુદેવે લીધેલાં રૂપો જ છે. તે વાસુદેવ કૃષ્ણ જ આ બધાં રૂપો ધરીને જગતમાં લીલા કરી રહ્યાં છે. તેમાં આકાર અને સ્વરૂપની વિવિધતાનો સ્વીકાર હોય છે. ઈશ્વરને સાકાર તરીકે પણ સ્વીકારવામાં આવે છે.

જ્યારે અદ્વૈત કે નિર્વાણના અનુભૂતિમાં બધાં આકારો, સ્વરૂપો, ભ્રમમાત્ર છે, ભાસમાત્ર છે; એવું લાગે છે. તે બધાં અયથાર્થ છે, સત્ય નથી; એવાં લાગે છે. તેઓ ખાલી ખોખાં જેવા ફક્ત રેખાકૃતિ જ લાગે છે અને એક નિરાકાર, નિર્ગુણ ચેતના તે આકારોમાં અને તેની બહાર સર્વત્ર સ્થિર, નિશ્ચલ પથરાઈને પડેલી છે એમ લાગે છે. પ્રથમ અનુભૂતિમાં જગત પણ સત્ય લાગે છે. બીજીમાં જગત ભ્રમમાત્ર છે એવું લાગે છે, તેથી બન્ને એક જ અનુભૂતિ છે એમ ન ગણાવી જોઈએ.

બીજું, શ્રી અરવિન્દને ગીતાને કારણે શ્રીકૃષ્ણ ઉપર શ્રદ્ધા હોવાથી તેમને સર્વત્ર કૃષ્ણ વાસુદેવ દેખાતા હતા, જ્યારે તુલસીદાસને રામ અને દેવીભાગવતમાં સુદર્શનને સર્વત્ર જગદંબાના દર્શન થાય છે. સારાંશ, ભક્તના ભાવ મુજબ પ્રભુનાં સ્વરૂપ પણ બદલાઈ જાય છે. તે અનુભૂતિ ભક્તની છે, જ્યારે અદ્વૈતની અનુભૂતિ જ્ઞાનીની છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે તેમનાં યોગની લંડનમાં શરૂઆત થઈ. અપોલો બંદર ઉપર પગ મૂકતા જ શાંતિના અવતરણથી તેને અંકુર ફૂટ્યાં, ગુજરાતના વાસ્તવ્યના પ્રથમ વર્ષમાં જ્યારે તેમની ઘોડાગાડીને અકસ્માત થઈ તેઓ આબાદ બચી ગયા ત્યારે જાણે તેનો વિકાસ થયો !

અદ્વૈત આત્માના સાક્ષાત્કારથી શું તેમનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ અને પ્રેમ દૃઢ થયો એમ કહી શકાય ? આ પ્રશ્નના જવાબમાં તેમણે જણાવેલું કે ના એમ ન કહી શકાય. તેમને ખરેખર તો અદ્વૈત આત્માનો અનુભવ લેવાની જરા પણ ખેવના નહોતી, પણ તે અચાનક અને અનપેક્ષિત આવેલી. તે અનુભવ તે પછી વર્ષો સુધી ટકી પણ રહેલો. પ્રભુ પ્રત્યે પ્રેમ નિર્માણ થવા આવા કોઈ ખાતરીલાયક અને નક્કર અનુભવની જરૂર છે એવી માન્યતા ખોટી છે. લોકો નક્કર અનુભવ વગર પણ પ્રભુ ઉપર મનોમય કે પ્રાણમય પ્રેમ રાખી શકે છે.

તેમ જ યોગાનુભૂતિ પછી જીવન સંવાદમય, સમસ્યાવિહોણું બની જાય છે એ પણ ગેરસમજ છે. તેમણે પોતે યોગાનુભૂતિ પછી પણ ઊર્ધ્વ-ચેતના અવતરણ પામી તેમની ચેતનાના વિસંવાદો નષ્ટ કરે એવા પ્રયત્નો કરેલા જ હતા. નિર્વાણને લીધે અન્ય યોગાનુભૂતિઓ શક્ય થઈ એમ કદાચ કહી શકાય. પણ આ નિર્વાણનો અનુભવ જીરવવો મુશ્કેલ છે. માણસને પોતે ગાંડો થઈ ગયાનો ભ્રમ થાય છે. શાંતિને નીચે મનમાં, મગજમાં શરીરમાં અવતરણ કરવાની પ્રાર્થના કરવી અને શાંતિ મેળવવી વધારે સહેલી છે, વિચારોને બહાર ફેંકી દેવા કોઈને મુશ્કેલ લાગે છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય

## આંગિરસી - વિદ્યા

પ્રકરણ - ૯

એક મહાન ઘટના બની. અસુર-કન્યા વિકુંઠા વિશ્વકર્માને પરણી. તેમાં વિશ્વકર્મા અને વિકુંઠાને પાસે લાવનાર, લગ્ન-ગ્રંથીથી જોડાવા પ્રોત્સાહન આપનાર હતા ઋષિઓના હૃદયસમા સપ્તગુ ઋષિ.

દેવો, દાનવો, ઋષિઓએ આ સંબંધને આવકાર્યો. તેને કારણે દેવ-અસુર સંગ્રામને કાયમનો વિરામ મળે તેવી શક્યતા ઊભી થઈ. પણ મનમાં બધાને શંકા રહેતી. શું આ બધું ટકશે ? અને ટકશે તો કેટલો કાળ ?

પણ ઋષિ સપ્તગુ નિશ્ચિંત હતા. તેઓ વિકુંઠાની પતિભક્તિ અને વિશ્વકર્માની એકનિષ્ઠા ઉપર મુસ્તાક હતા.

શતદ્રુ કિનારે લગ્ન થયાં અને તેના તીરે જ વિશ્વકર્મા વિકુંઠા સાથે આશ્રમમાં રહેવા લાગ્યા. દિવસો ક્યાં પસાર થઈ ગયાં સમજાયું નહિ.

કાલાંતરે વિકુંઠાને માતા થવાના સપના જાગ્યાં, પણ પતિ તો પ્રભુના સોંપેલા કાર્યમાં જ મગ્ન. તે દેવો અને અસુરો બન્નેનાં મંતવ્યો જાણી તેમનો સમન્વય કરી જગતને ઘાટ આપતાં રહ્યાં.

એક દિવસ ફરતાં ફરતાં સપ્તગુ ઋષિ તેમના આશ્રમે આવી ચડ્યાં. વિકુંઠાએ મનની વાત પતિ સમક્ષ જ કરી. સપ્તગુને પણ લાગ્યું કે આવું બાળક હવે અસુરોના સંબંધને વધારે દૃઢ કરશે. પણ સપ્તગુએ એક શરત મૂકી. વિકુંઠા પ્રથમ પોતાની આસુરી પ્રકૃતિને શુદ્ધ કરે, કારણ માતાની પિતાની પ્રકૃતિ જ બાળક ધારણ કરે છે. વિકુંઠા તો રાજીની રેડ થઈ ગઈ. સપ્તગુ ઋષિએ ચાંદ્રાયણ વ્રત કરવા કહ્યું. તેમાં અમાસથી શરૂઆત કરી તે દિવસે નકોડો અપવાસ કરવાનો, ફક્ત જળપાનની છૂટ. એકમે એક, બીજે બે, એમ કોળિયા વધારતા જવાનાં. પૂનમે

પંદર કોળિયાનું જમણ લેવાનું. પછી એક-એક કોળિયો ઘટાડતા જવાનું અને અમાસે ફરી નકોડો અપવાસ. વિકુંઠાએ શ્રદ્ધાથી ચાંદ્રાયણ વ્રત કર્યું. ત્યાં સપ્તગુ ઋષિ યાત્રા કરીને પાછા આવી ગએલાં. તેમણે વિશ્વકર્મા અને વિકુંઠાને સજોડે ઈન્દ્રનો યજ્ઞ કરાવ્યો. યજ્ઞનાં અંતે ઈન્દ્ર પ્રસન્ન થઈ આવ્યાં. તેમણે પોતે જ વિકુંઠાના અને વિશ્વકર્માના બાળક તરીકે જન્મ લેશે એવો આશીર્વાદ આપ્યો.

નવ મહિને વિકુંઠ - ઈન્દ્રનો જન્મ થયો. દેવ અસુરોની મૈત્રી વધારે સુદૃઢ બની.

આ આખ્યાનનું સાધનાકીય રહસ્ય નીચે મુજબનું છે : વેદોમાં ઋષિઓની પ્રગતિના ત્રણ તબક્કા વર્ણવેલાં છે - સપ્તગ્વા, નવગ્વા અને દશગ્વા. માનવ-શરીરમાં સાત યોગચક્રો છે. તેમના ઉપર સ્વામીત્વ સ્થાપી સાધના કરનાર સપ્તગ્વા. ગ્વા એટલે જ્ઞાતા. જ્યારે તે ઉપરાંત અવચેતન મન અને અચેતન મનના ઉપર પણ સ્વામીત્વ પ્રસ્થાપિત થાય છે. ત્યારે તેને ૭ + ૨ = ૯ યોગચક્રોનો સ્વામી તરીકે 'નવગ્વા' કહે છે. જ્યારે અંતે મસ્તકની ઉપર દશ આંગળ અદ્ધર (અત્યતિષ્ઠત્ દશાંગુલમ્) જે પરમ-ચેતનાનું કેન્દ્ર છે તે ઉપર પણ સ્વામીત્વ સ્થાપિત થાય છે, ત્યારે તેને 'દશગ્વા' કહે છે. સપ્તગુ આ પેલા ઋષિનું નામ નથી પણ તેમની સાધનાકીય કક્ષા દર્શાવવા તેમને સપ્તગુ, સાત યોગ-ચક્રોના જાણકાર સપ્તગ્વા કહેતા.

આ સાધના પદ્ધતિ અનુસરનારા ઋષિઓને અંગિરસ ઋષિઓ કહેતા. સપ્તગુ ઋષિએ (અયાસ્ય ઋષિ) અવચેતન અને અચેતનના યોગ-ચક્રો ઉપર સ્વામીત્વ મેળવી નવગ્વાની સ્થિતિ પ્રાપ્ત કરેલી. આવી રીતે તેમણે અવચેતન તત્ત્વો (અસુરો) અને ચેતન તત્ત્વો (સુર, દેવો)ને પાસે લાવી તેમને પ્રભુના કાર્યમાં જોતરેલા. આ જ વિકુંઠા અને વિશ્વકર્માનાં લગ્ન.

દેવો આપણા મનને (વિચારોને), પ્રાણને (ભાવનાઓને), શરીરને (કર્મોને), જે દિવ્યતા અર્પે છે તે કાયમી કરવા મન, પ્રાણ, શરીરના અનુરૂપ ઘાટ રચવા એ જ વિશ્વકર્માનું કાર્ય છે. પણ તેમાં અસુરોનો વિરોધ હોવાથી તેવો ઘાટ રચતી વખતે અસુરોનાં કાર્યને પણ તેમાં થોડુંક સમાવિષ્ટ કરીને મિશ્ર સ્વરૂપનાં ઘાટો રચવાના હોય છે. સાધનામાં જે સંઘર્ષો, અવરોધો નિર્માણ થાય છે તે આ

મિશ્રણને કારણે.

પણ જ્યારે ઉત્ક્રાંતિ આગળ વધે છે ત્યારે અસુરો પણ પોતાનો દુરાગ્રહ છોડતા જાય છે અને દેવોના કાર્યને કુંઠિત કરતા નથી. તેમાં અવરોધો નાખતા નથી. તેમનું કામ તો દિવ્યઘાટને ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં ધીમે ધીમે, બ્રેક મારતા મારતા વિકસાવવો એ છે. ખોટા ઘાટોને તોડી નાખવા એ છે. તે ઈન્સ્પેકટર છે, ઑડિટર જેવા છે, ક્વોલિટી - કન્ટ્રોલ કરનારા છે. તેમની આવી ભાવના એ જ અસુરપુત્રી વિકુંઠા. વિકુંઠા એટલે કુંઠિત કર્યા વગર દૈવીકાર્ય ચાલવા દેવાની વૃત્તિ.

જ્યારે આવું સામંજસ્ય સાધકમાં તૈયાર થાય છે ત્યારે ઈન્દ્ર પ્રસન્ન થાય છે. ઈન્દ્ર એટલે દૈવી મન જે દિવ્યભાવો અને કર્મોને જન્મ આપે છે. આમ, વિકુંઠાના પેટે વિકુંઠ-ઈન્દ્ર, કોઈ પણ અવરોધ વગરનું દિવ્ય-મન પ્રગટ થાય છે. તે જ સાધકને સપ્તગ્વા કક્ષાથી નવગ્વા કક્ષાએ પહોંચાડે છે.

આ આંગિરસી-વિદ્યા છે. અંગારા એટલે દેવતા, પ્રકાશમય વસ્તુ. દરેક યોગ-ચક્રનો પોતાનો દિવ્યપ્રકાશ છે. જે તે દિવ્યપ્રકાશનું જે તે ચક્રમાં ધ્યાન કરવું એ જ ચક્રોની શુદ્ધિકરણની પ્રક્રિયા છે. અવચેતન અને અચેતનનાં યોગચક્રોને શુદ્ધ કરવાં શુદ્ધ ચાંદની જેવા સૌમ્ય પ્રકાશનું ધ્યાન કરવાની પદ્ધતિ છે. ભગવાન શિવ આવી સાધના કરે છે, તેથી તેમને ભાલચંદ્ર, શશિ-શેખર કહે છે. તેથી જ તેઓ અવચેતન રૂપ કામદેવને બાળી શક્યાં હતાં.

દશગ્વાની કક્ષાએ દસેદસ યોગ-ચક્રોમાં સુવર્ણપ્રકાશનું ધ્યાન કરવામાં આવે છે અને એક જ ચેતના બધાં જ કેન્દ્રો મારફત વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે, એવો ભાવ ધારણ કરવાનો હોય છે.

સપ્તગુ ઋષિએ પોતાની સાધના પદ્ધતિથી વિકુંઠા અને વિશ્વકર્માને મદદ કરી દિવ્ય-મન, વિના અવરોધે કામ કરે તેવી નવી કક્ષા રચી. આ ઉત્ક્રાંતિમાં એક હરણફાળ બની ગઈ, કારણ આ દિવ્ય-શરીર રચવાનો પાયો છે.

**પૂર્ણયોગની વિશેષતા**

**મારો યોગ જૂના યોગોની સરખામણીમાં નવો છે કારણ કે, તેનો હેતુ જગતમાંથી બહાર નીકળીને સ્વર્ગમાં કે નિવાર્ણમાં જવું એ નથી. પણ જીવનનો અને અસ્તિત્વનો પલટો કરવો એ છે.** **-શ્રી અરવિન્દ**

# યોગ પર દીપ્તિઓ
-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૬

**સમજૂતી – કમલેશ માંડવિયા**

**૧ માનવની.... મનોમય ચેતનાવાળા પ્રાણીની સમગ્ર ચેતનાએ એક બાજુથી ઊર્ધ્વમાં રહેલી દિવ્ય ચેતના સાથે પોતાનો યોગ કરવા માટે આરોહણ કરવાનું છે. પૃ. ૬**

**૨ બીજી બાજુએ..... ઊર્ધ્વ ચેતનાએ મનોમય, પ્રાણમય તથા અન્નમય કોશમાં અવતરણ પણ કરવાનું છે. પૃ. ૬-૭**

**૩ આ પ્રમાણે થતાં..... અતિમાનસમાં રહેલી દિવ્ય શક્તિનાં કાર્ય વડે (અધોમુખ પ્રકૃતિનું) રૂપાંતર પણ કરી નાખશે. પૃ.૭**

**૪ પૃથ્વી એ ચેતનાનો ક્રમવિકાસ સાધવાનું ભૌતિક ક્ષેત્ર છે. પૃ.૭**

**૫ એ પાર્થિવ ચેતનાની અંદર મનનું તત્ત્વ, પ્રાણતત્ત્વ, અતિમાનસ તથા સચ્ચિદાનંદ વગેરે તત્ત્વો અંતર્હિત રહેલાં છે. પૃ.૭**

**૬ ..... પહેલું પાર્થિવ જડતત્ત્વ જ વ્યવસ્થિત બને છે..... ત્યારપછી પાર્થિવ તત્ત્વમાં પ્રાણ યાને જીવન ઊતરી આવે છે..... ત્યારપછી મનનું તત્ત્વ તેમાં અવતરે છે અને માનવને સર્જે છે. પૃ.૭**

**૭ હવે પછી ભાવિમાં અતિમાનસનું અવતરણ થવાનું છે, જેને પરિણામે અતિમાનવ જાતિનું સર્જન થશે. પૃ.૭**

ઉત્ક્રાંતિનો મર્મ સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે કે માનવ-ચેતનાએ પોતાનાથી ઉપર એવી ઊર્ધ્વ-ચેતનામાં આરોહણ કરવાનું છે. આ આરોહણ દ્વારા માનવ-ચેતનાનું ઉદ્‌ઘાટન થાય છે તો બીજી બાજુએ ઊર્ધ્વ ચેતનાએ પોતાને મનોમય ચેતના, પ્રાણમય ચેતના અને છેક અન્નમય કોશ સુધી અવતરણ કરવાનું છે. આ બન્નેનાં આરોહણ-અવરોહણ દ્વારા બન્ને ચેતનાઓ વચ્ચેની ખાઈ છે તે પુરાઈને ઊર્ધ્વ ચેતનાની સત્તામાં પૃથ્વી પર હાલ સુધીની બીજ-સ્વરૂપની ચેતના પ્રગટ થવા માંડે છે. સાથે સાથે નિમ્ન પ્રકૃતિ પણ રૂપાંતર સાધવા માંડે છે. શ્રી અરવિન્દ 'મા' પુસ્તકમાં જણાવે છે કે ''એવી બે

જ શક્તિઓ છે જેમના કાર્યનો એકસાથે યોગ થાય તો આપણી યોગ સાધનાના મહાન અને કષ્ટસાધ્ય ઉદ્દેશને સિદ્ધ કરવાને તે સમર્થ બને - એક નીચેથી, એટલે કે માનવતામાંથી, સાદ કરતી સ્થિર અને સદા જાગૃત અભીપ્સા - તમન્ના - ધગશ તથા બીજી ઊર્ધ્વ લોકમાંથી અને પ્રત્યુત્તર આપતી પ્રભુની પરમ કરુણા'' આ પ્રક્રિયા તેની ચરમસીમાએ નિમ્ન પ્રકૃતિનું પણ રૂપાંતર કરે છે, કારણ કે તે અભીપ્સામાં પણ આર્તભાવે પુકાર હોય છે, જેનો પ્રત્યુત્તર પ્રભુની પરમ કરુણા સહજ રીતે વાળે છે. આ પ્રત્યુત્તર સ્વરૂપે સાધકમાંની અદિવ્ય પ્રકૃતિ પણ દિવ્યતા ધારણ કરે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે આપણી પૃથ્વી એ ક્રમિક વિકાસનું એક ભૌતિક ક્ષેત્ર છે. આવિર્ભાવના સર્વ સ્તરો જાણે કે બીજ સ્વરૂપે પાર્થિવ ચેતનામાં નિહિત છે, છુપાએલા છે. ઉત્ક્રાંતિનું પરમ રહસ્ય સમજાવતાં શ્રી અરવિન્દ જણાવે છે કે ઉત્ક્રાંતિના તબક્કા મુજબ ઉપરનું ઊર્ધ્વ તત્ત્વ આવિર્ભાવ પામતું હોય છે. આ પ્રગટીકરણની પ્રક્રિયા કોઈ એકલ-દોકલ સાધકમાં પ્રથમ તો બની આવે છે. ત્યારબાદ કોઈ સમૂહ તૈયાર થાય છે અને તે પછીથી સમગ્ર જાતિને માટે સહજ પ્રક્રિયા બની રહે છે.

પાર્થિવ ચેતનામાં નિહિત પ્રાણતત્ત્વ બીજ સ્વરૂપે રહે છે. પ્રાણતત્ત્વના, જીવનના, આવિર્ભાવની શક્યતા જણાતાં જ ઊર્ધ્વ ચેતના નિમ્ન તત્ત્વ પર દબાણ લાવે છે અને તેને તે પ્રકારે બદલવા ફરજ પાડે છે. આ ફરજ પાડવાની પ્રક્રિયા ઊર્ધ્વ ચેતના માટે અને સર્વાંગી નૈસર્ગિક વિકાસ માટે સહજ હોય છે. પરંતુ નિમ્ન તત્ત્વને તે દબાણ દુઃખદાયક અથવા ભાંગી નાખતું હોય તેવું લાગે છે. જીવનના પ્રગટીકરણ બાદ મનસતત્ત્વનું આગમન હોય છે. ઊર્ધ્વ ચેતના પોતાનામાં પ્રગટનાં મનસતત્ત્વ નીચે રેલાવે છે જે તેથી પણ નીચેનાં તત્ત્વો પાર્થિવતત્ત્વ તથા પ્રાણતત્ત્વ ધારણ કરતાં શીખે છે અને આ પ્રકારે મનોમય પ્રાણીઓ આ સૃષ્ટિમાં આવિર્ભાવ પામે છે. મનોમય પ્રાણીઓ - માનવોના આવિર્ભાવ બાદ અતિમાનવ આવશે તેમ શ્રી અરવિન્દ જણાવે છે. Man is a transitional being - માનવ એ તો વચગાળાનું પ્રાણી છે.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ અતિમનસનું આ પૃથ્વી પર અવતરણ થયેલ છે. શ્રી માએ આ પ્રત્યક્ષ કરાવ્યું છે અને તે બાબતે દિવ્ય ઘોષણા પણ કરી છે. આ અતિમનસના અવતરણથી માનવમાં - મનોમય પ્રાણીઓમાં એક અજબ પ્રકારની ઊથલપાથલ મચી ગઈ છે. જાણે કે બધું વિનાશના માર્ગે એકસાથે ચાલી નીકળ્યું ન હોય ! ઊર્ધ્વશક્તિ - અતિમાનસના દબાણનું આ પરિણામ છે. જૂનું ભાંગી રહ્યું છે અને નવું હજી પૂરેપૂરું બંધાયું નથી. આ વચગાળાની અવસ્થા છે, જેમાં પરમપ્રભુ પૂર્ણરીતે પ્રગટ થવા માટે સોળેકળાએ આપણને સૌને મદદ કરી રહ્યા છે. એક નવી સૃષ્ટિ આવિર્ભાવ પામી છે. Let us all be the citizens of this New Creation !

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## સૂવું કેવી રીતે ?

પ્રકરણ - ૧૧

(Lights for students - P. 73-77)

૧ કેવી રીતે સૂવું એ મહત્ત્વનું છે. ઊંઘમાં અવચેતનમાં સરી ન પડતાં સૂવું જોઈએ. અવચેતન શરીરને જડ અને આળસુ બનાવી દે છે, તરોતાજા નહીં. પૃ.૭૩

૨ શરીરને જરૂરી પૂરતું જમવાથી અને બધા જ અતિરેકોથી આઘા રહેવાથી ઊંઘના કલાકો ઘટી જાય છે અને શરીરમાં વધારે શક્તિ અનુભવાય છે. પૃ.૭૩

૩ ઊંઘમાં વધુ કલાકો કરતાં તેની ગુણવત્તા મહત્ત્વની છે. પૃ.૭૪

૪ ઊંઘતાં પહેલાં થોડોક જ્યુસ, દૂધ કે સુપ લઈને ઊંઘવાથી ઊંઘ સારી આવે છે. પૃ.૭૪

૫ ઊંઘતાં પહેલાં પથારીમાં આરામ કરતાં કરતાં મનની ક્રિયાઓ દા.ત. ભાવનાઓ, ઈચ્છાઓ, આવતી કાલનાં આયોજનો બાબતના વિચારો વગેરે ધીમે ધીમે બંધ કરી મનને સ્વચ્છ અને શાંત કરવું જરૂરી છે, નહીંતો તેને લગતા સ્વપ્નોથી ઊંઘ બગડશે. પૃ.૭૪

૬ ઊંઘતાં પહેલા ઉચ્ચ, આરામદાયક વિચારો કરો. પૃ.૭૪

૭ અવચેતનમાં ઊંઘ દરમિયાન ન સરી પડવાના ઉપરનાં ઉપાયો છે. પૃ.૭૪

૮ સૂર્યાસ્ત સાથે પૃથ્વી ઉપર એક શાંતિનું અવતરણ થાય છે. તે વહેલા ઊંઘવાથી સારી ઊંઘ માટે મદદરૂપ બની શકે છે. સૂર્ય ઊગે છે ત્યારે પૃથ્વી ઉપર પ્રચંડ ક્રિયાશક્તિ અવતરણ પામે છે, તેથી તે પહેલાં ઊઠવું હિતાવહ છે. મોડા સૂઈ મોડા ઊઠવું એ પ્રકૃતિના નિયમોની વિરુદ્ધ છે. પૃ.૭૪

૯ ખૂબ થાક્યા હો ત્યારે સીધેસીધા ઊંઘમાં સરી પડવાથી તમે અવચેતનમાં પ્રવેશી જાઓ છો. અવચેતનમાં સપનાં વારંવાર આવતાં હોય છે. પૃ.૭૪

૧૦ ઊંઘતા પહેલા થોડોક આરામ કરી લેવો સારો. તે માટે પ્રથમ પથારીમાં આરામથી સૂઓ. પછી શરીરના અવયવોને એકીસાથે કે એક પછી એક તદ્દન શિથિલ કરતા જાઓ. તમારા શરીરને ઢીલાઢફ કોથળા જેવું શિથિલ કરી નાખો. મગજને શાંત

અને સ્થિર કરો. પછી આ સ્થિતિમાંથી ધીમેથી ઊંઘમાં સરી પડો. બીજે દિવસે તમો શક્તિ અને સ્ફૂર્તિથી ભરપૂર જણાશો. જો ભૂલેચૂકે અવચેતનમાં સરી પડ્યા હશો તો તમારું શરીર ભારે, સુસ્ત લાગશે, કારણ અવચેતન તમારી પ્રાણશક્તિને શોષી લે છે. પૃ.૭૪

૧૧ ઉપરની પ્રક્રિયામાં પરિણામ કાલાંતરે આવે છે, તેથી ધીરજ ધરજો. પૃ.૭૫

૧૨ ઊંઘ દરમિયાન સૂક્ષ્મ શરીર બહાર સૂક્ષ્મ લોકોમાં વિચરે છે, તેથી સામાન્ય રીતે લોકો ઊંઘમાં બોલતા નથી, પણ જેમનું સૂક્ષ્મ શરીર ભૌતિક-શરીર બહાર જતું જ નથી, તેમને ઊંઘમાં બોલવાની ટેવ હોય છે. મન શાંત ન હોવાથી આવી ઘટના બને છે. તેવી વ્યક્તિએ ઊંઘતા પહેલા ધ્યાન કરવાથી ફાયદો થાય છે. પૃ.૭૫

૧૩ સપનાં વિવિધ પ્રકારનાં હોય છે. તેમને જાણવા આપણી પ્રગતિ માટે ખૂબ જ જરૂરી છે. પૃ.૭૫

૧૪ દરેક વ્યક્તિનો ઊંઘ દરમિયાનનો સપનાં જોવાનો સમયગાળો જુદો જુદો હોય છે. બધાં જ સપનાં કાંઈ કિંમતિ હોતા નથી, કારણ તે મગજના કોષોની યાંત્રિક ક્રિયાઓ સ્વરૂપ હોય છે, જે તે કોષોએ અનુભવેલાં સંવેદનો અને છાપોને જાગૃત કરે છે. તે ભૌતિક મનની નીપજ હોય છે. તેમાં ઘણી વખત શારીરિક તકલીફો, પાચનક્રિયા અને શરીરની પથારીમાંની સ્થિતિને કારણે નિર્માણ થએલાં સંવેદનો હોય છે. ઉપરની બાબતમાં થોડોક સુધારો કરવાથી આવા સપનાં બંધ પડી જાય છે. પૃ.૭૬

૧૫ માનસિક શક્તિઓના ઉશ્કેરાટથી પણ આવા જ સપનાં રચાય છે. પૃ.૭૬

૧૬ પાછલી સ્મૃતિ, સંવાદો, પ્રસંગોના સંસ્કારોની ચિત્રવિચિત્ર ગૂંથણી થઈને પણ સપનાં તૈયાર થાય છે. પૃ.૭૬

૧૭ આવા સપનાં આપણા સ્વરૂપનો અમુક ભાગ હજી સુવ્યવસ્તિત રીતે સંઘટિત થએલ નથી તે સૂચવે છે.

૧૮ અંતરતમ સ્તરમાંથી પણ સપનાં રચાય છે તે મહત્ત્વનાં હોય છે. તે આપણા વલણો, શીઘ્ર પ્રેરણાઓ, ઈચ્છાઓ વગેરે બાબતની વિગતો પૂરી પાડે છે, જે આપણા ભાવિ- વિકાસની દિશા સૂચવે છે. પૃ.૭૬

૧૯ સૂતાં પહેલાં આજના બધાં જ કાર્યોને પ્રભુ-ચરણે અર્પણ કરવાનું શીખો. પૃ.૭૬

૨૦ જાગ્યા પછી આજનાં દિવસની પ્રવૃત્તિઓને પ્રભુ સામે ધરી દેવાની ટેવ પાડો. ગતદિવસની ભૂલો, ગફલતોને પણ શોધી ન કરવાનો નિર્ણય લો અને તેવી પ્રભુને પ્રાર્થના કરો. પૃ.૭૭

# સાંજના વાર્તાલાપો
- શ્રી અંબુભાઈ પુરાણી

## અશુદ્ધિઓ અને તેનો નિકાલ

પ્રકરણ - ૧૨
(ખંડ-૨, પૃ.૬૦-૬૧) (તા.૨-૩-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** દરેક પ્રકારની શક્તિના અવતરણ વખતે દિલની કેન્દ્રિય સચ્ચાઈ જરૂરી છે?

**શ્રી અરવિન્દ :** હા

**શિષ્ય :** પ્રાણિક શક્તિઓ દાવપેચ રમે છે. શું માનસિક શક્તિઓ પણ તેવું કરે છે?

**શ્રી અરવિન્દ :** હા, પણ મનની અભીપ્સા જગાડવી સહેલી છે, પ્રાણમાં અઘરી. પ્રાણિક ક્ષેત્રમાં અને અસ્તિત્વમાં માર્ગભ્રષ્ટ થવાની શક્યતા વધી જાય છે. પ્રાણિક ક્ષેત્રે સચ્ચાઈ હોય તો શારીરિક ભ્રષ્ટતામાંથી પાછા ફરી શકાય છે.

**શિષ્ય :** શક્તિ રૂપાંતર કરે તે માટેની શરતો શું છે?

**શ્રી અરવિન્દ :** રૂપાંતર એકમાં સિદ્ધ થાય તો તે બીજામાં પણ શક્યતા વધારી મૂકે છે.

**શિષ્ય :** જ્યાં સુધી વૈશ્વિક શક્તિઓ તૈયાર ન હોય ત્યાં સુધી બીજસ્વરૂપ સત્ય (ઋતમ્) વૈશ્વિક સત્ય બની શકતું નથી. ઉત્ક્રાંતિમાં પ્રગટ થતું નથી.

**શ્રી અરવિન્દ :** આપણું કામ વૈશ્વિક સત્ય તરીકે સ્થાપિત કરવાનું જ છે.

**શિષ્ય :** શું કેન્દ્રિય સચ્ચાઈને શરીરમાં પણ સ્થાપિત કરવી પડે છે?

**શ્રી અરવિન્દ :** મોટા ભાગે શારીરિક તત્ત્વ પરિવર્તન કરવામાં મંદ, જડ અને સુસ્ત હોય છે, પણ તેમાં સચ્ચાઈનો અભાવ હોતો નથી.

આપણી ચેતોમય નાડીઓમાં (Nervous system) અશુદ્ધિઓ વધુ પ્રમાણમાં હોય છે, કારણ તેની ઉપર ભૂતકાળની સ્મૃતિઓનો પ્રભાવ પડતો હોય છે. શારીરિક અને પ્રાણમય અશુદ્ધિઓ જે બહાર ફેંકાતી હોય છે, તે તેની દ્વારા ફેંકાતી હોવાથી તેમાં અશુદ્ધિઓ દેખાય છે. જો પ્રાણિક અસ્તિત્વમાં સચ્ચાઈ હશે તો આ અશુદ્ધિઓમાંથી મુક્તિ મળી તે શુદ્ધ થઈ જાય છે.

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિસમાજ પૃ.૧૧-૧૮)

## ભાવિ-સમાજ રચનાની શરતો

### અવતરણો - પ્રકરણ - ૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ આપણે જે પરિવર્તન વિચારી રહ્યાં છીએ તેને સિદ્ધ થવા માટે જગતમાં એકીસાથે બે વસ્તુઓ સિદ્ધ થવાની..... જરૂર રહે છે.

૧ એવી એક વ્યક્તિ કે વધુ વ્યક્તિઓ ઊભી થવી જોઈશે કે જેમને પોતે આત્મસ્વરૂપ છે એ રીતનું જ્ઞાન થઈ ગએલું હોય (અને) આ દર્શન તથા તેમાં રહેલી શક્તિ માનવ-સમુદાયને આપી શકે તેવા સમર્થ હશે.

૨ તેનું અનુસરણ કરી તેને સિદ્ધ કરવા સુધીનો પુરુષાર્થ ખેડવા તૈયાર હોય તેવો એક માનવ સમુદાય..... એક સમૂહ - માનસ હોવું જોઈશે. પૃ.૧૧

૨ માનવજાતિને માટે સૌથી જરૂરની વસ્તુ - આધ્યાત્મિક જ માનવજાતિના ભાવિને સિદ્ધ કરવામાં વધુમાં વધુ સહાયરૂપ થઈ પડશે. પૃ.૧૨

૩ લોકોને જે માન્યતાઓ કે રૂપો તરફ સ્વાભાવિક રીતે આકર્ષણ થતું હશે તેમાં તેઓ કશી બાધા નહિ રાખે. પૃ.૧૨

૪ આ આધ્યાત્મિક નેતાઓ.... એવું માનવાની ભૂલ તો કદી નહિ કરે કે માણસોમાં આ આધ્યાત્મિક પરિવર્તન યંત્રો દ્વારા અથવા તો બાહ્ય સંસ્થાઓ દ્વારા લાવી શકાશે. પૃ.૧૩

૫ આ પુરુષો પૂર્વે અને પશ્ચિમ એ બંનેએ વિકસાવેલી જીવનદૃષ્ટિઓના અંતર્ગત રહસ્યનો સ્વીકાર કરશે. પૃ.૧૩

૬ એક ત્યાગપ્રધાન આધ્યાત્મિકતાનું વાંઝિયું - ફૂલ ખીલતું રહે એવી સ્થિતિમાં તે સમાજને કદી નહિ પહોંચવા દે..... એવો સિદ્ધાંત પણ નહિ સ્વીકારે કે જગતમાં મોટા ભાગના લોકોને તો જીવનની નીચલી કક્ષા ઉપર જીવવાનું જ નિર્માએલું છે. પૃ.૧૩

૭ (આ માટે સમાજનું) સામાન્ય મન તૈયાર થઈ જવું જોઈએ. પૃ.૧૪

૮ આવી પ્રગતિનું પહેલું લક્ષણ એ હશે કે માણસ આત્માભિમુખ બનવા લાગશે..... આત્મતત્ત્વ, અંતરાત્મા, તેની શક્તિઓ, શક્યતાઓ, તેનો વિકાસ, અભિવ્યક્તિ; એ બધી વસ્તુઓ વિષે માનવ સભાન બનશે. પૃ.૧૪

૯ પોતાના વિકાસને સહાયક નીવડે તેવી પરિસ્થિતિ જગતમાં રચાય એ માગણી તેનામાં (સમાજમાં) જાગશે. પૃ.૧૫

૧૦ આધ્યાત્મિકતા અંગેના આ બધા વિચારો પ્રથમ તો માનવજાતિના તત્ત્વજ્ઞાનમાં, માનસશાસ્ત્રમાં..... કળાઓ, કવિતા, ચિત્ર, શિલ્પ વિષયોમાં.... રાજકારણ અને અર્થશાસ્ત્રમાં..... પણ પ્રયોજાશે. પૃ.૧૫

૧૧ એવી શોધખોળો થવા લાગશે જે આત્મા અને જડતત્ત્વ વચ્ચે રહેલી દીવાલોને પાતળી બનાવી દેશે..... અંતરાત્માના ક્ષેત્રમાં પણ ચોક્કસ જ્ઞાનનો વિસ્તાર કરવાના પ્રયત્નો થશે. પૃ.૧૫

૧૨ ધર્મક્ષેત્રમાં પણ..... જામી રહેલી ભૂતકાળની નિષ્પ્રાણ સામગ્રીને ફેંકી દેવામાં.... આવશે. પૃ.૧૬

૧૩ આત્માભિમુખતા એ આધ્યાત્મિકતા નથી... આ પછી ઘણું કરવાનું રહે છે. પૃ.૧૭

૧૪ ઉપનિષદમાંના વરુણપુત્ર ભૃગુની જેમ..... નૈસર્ગિક વિકાસના માર્ગે પણ માનવજાતિ..... જીવનનાં પરમ સત્યમાં પહોંચી શકે છે. પૃ.૧૭

૧૫ આવો અધ્યાત્મિક સમાજ પોતાની પ્રવૃત્તિનો આરંભ ત્રણ સત્યોથી કરશે..... પ્રભુ, સ્વતંત્રતા, એકતા... આ ત્રણે તત્ત્વો મૂળે તો એક જ વસ્તુ છે. પૃ.૧૭

**પ્રમુખ બે શરતો :**

ઉપર જણાવેલ આધ્યાત્મિક - સમાજની રચના કરવા માટે બે શરતો પૂર્ણ થવી જરૂરી છે :

(૧) એક કે વધુ એવી વ્યક્તિઓ હોય જેમણે આત્મસાક્ષાત્કાર કરેલો હોવો જરૂરી છે. તેમાં પણ પરિપૂર્ણ વિકાસ સાધી પોતાની પ્રકૃતિને દિવ્ય કરી પોતાના નવા દિવ્ય-સ્વરૂપની રચના પણ કરી લીધી હશે. તે દિવ્ય-સ્વરૂપે પોતાનો વિકાસ સાધી અનેક સિદ્ધિઓ કાયમી સ્વરૂપે મેળવી લીધી હશે, એટલું જ નહિ પણ પોતાના જેવો જ અન્યોમાં પણ વિકાસ સધાવી આપવાની ક્ષમતા પણ તેઓમાં હોવી જોઈએ. સારાંશ, જેને સિદ્ધપુરુષ કહીએ છીએ તેવી તે વ્યક્તિ હોવી જોઈએ.

૨ ફક્ત આવા સિદ્ધપુરુષો હોઈને પણ આપણો હેતુ સિદ્ધ નહિ થાય. આવા સિદ્ધપુરુષોને સમજનારાં, ઓળખનારાં, તેમનો પ્રભાવ ઝીલી તેમની જેમ જ

તપશ્ચર્યાથી વિકાસ સાધનારા એવા ગ્રહણશીલ, શ્રદ્ધાવાન, શિષ્યોની પણ તેટલી જ જરૂર છે. પછી આવા લોકો નાનકડો સમુદાય રચશે, જેમનું સમૂહ-માનસ આ પ્રકારનાં કાર્યો કરવાને અનુકૂળ હોય. આ રીતે દિવ્ય સામૂહિક-ચેતના કે આત્મા વિકાસ પામશે, જેમાંની દરેક વ્યક્તિ પોતામાંની અપૂર્ણતાઓથી નિરાશ ન થતા વચમાંથી જ અટકી ન જતાં અંતિમ પરિણામ સુધી સમર્પિત ભાવે સતત કાર્ય કરતા રહેશે.

**ભાવિ-સમાજના અગ્રદૂતો અને ઘડવૈયા :**

હાલના માનવ-સમાજમાંથી જેમને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ છે કે આધ્યાત્મિક-વિકાસ એ જ માનવજાતિ માટે અત્યંત જરૂરી છે, તેવી વિચારસરણીનાં લોકોમાંથી જે સક્રિય બનશે, તેઓ જ માનવોનું ભાવિ રચવામાં સહાયભૂત બનશે. જેમ પશુમાંથી સામાન્ય માનવો અને સામાન્ય માનવોમાંથી અસામાન્ય બુદ્ધિમત્તા ધરાવતા માનવો નિર્માણ થયાં છે, તેમ આવા અસામાન્ય બુદ્ધિમાન માનવો જ માનવની ભાવિ જરૂરિયાત સમજીને આધ્યાત્મિક માનવને જન્મ આપશે. આ માટે કઈ વિવિધ ઉપાય-યોજનાઓ યોજવામાં આવશે અથવા કયા ધર્મના કયા સિદ્ધાંતોનો ઉપયોગ કરશે, તે બાબત મહત્ત્વની નથી, પણ આધ્યાત્મિક માનવ નિર્માણ કરવાનો સર્વ સાધારણ આદર્શ તો આ અગ્રણીઓએ સ્વીકારવાનો જ રહેશે. લોકોની પોતપોતાની ધાર્મિક માન્યતા અને શ્રદ્ધાના ઓઠા નીચે આ આદર્શ પોષાતો જશે. આવા આધ્યાત્મિક પરિવર્તનો કોઈ બાહ્ય સંસ્થા દ્વારા, કોઈ ઔષધિ કે ડ્રગના સેવન દ્વારા કે કોઈ ઈલેક્ટ્રોનિક સાધન દ્વારા થવાની શક્યતા નથી, તે આ અગ્રણીઓ જાણતા હશે. તેઓ પૂર્વ અને પશ્ચિમ બન્નેની જીવનદૃષ્ટિ સ્વીકારશે. સમન્વયાત્મક ધોરણ રાખશે. ભારતીય પ્રણાલી કે જીવનનું રહસ્ય આંતરિક ખોજ દ્વારા જ પ્રાપ્ત થાય છે અને પાશ્ચિમાત્ય પ્રણાલી કે ભૌતિક જીવન પણ મૂલ્યવાન છે અને તેની દ્વારા જ આ રહસ્ય વાસ્તવિક બને છે. આ બન્ને પ્રણાલીનો સમન્વય સધાશે. સમાજ અંધકારમાં સબડતો રહે અને તેમાંના વિરલ વ્યક્તિઓ જ ત્યાગપ્રધાન અધ્યાત્મને ગહન જંગલોનાં એકાંતમાં જીવતા રહે આવી સામાજિક ખાઈ અને વિભાજન આ અગ્રણીઓને માન્ય નહિ હોય તેમ જ માનવજાતિ પૈકી મોટો ભાગ જીવનની નિમ્ન અજ્ઞાનમય ઘરેડમાં જ જીવવાનો છે, એવી માન્યતા પણ તે નહિ સ્વીકારે. અધ્યાત્મ એ કાંઈ ચુનંદા લોકોનું જ ભાગ્ય ન હોવું જોઈએ. એ માન્ય છે કે ભૂતકાળમાં વિશ્વામિત્ર જેવાએ સમગ્ર પાર્થિવ-જીવનનું સામટું આધ્યાત્મિક રૂપાંતર કરવાનો પ્રયત્ન કરી જોએલો પણ તે અયશસ્વી થએલો. છતાં ભવિષ્યમાં પણ તેવો જ કારમો પરાજય સ્વીકારવો પડશે, એવો નિરાશાવાદી દૃષ્ટિકોણ આ અગ્રણીઓ નહિ સ્વીકારે.

આવા હશે ભાવિ-સમાજના ઘડવૈયા. (ક્રમશઃ)

# વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

## વેદોનાં લુપ્ત અર્થઘટનના પ્રયત્નો

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૪૫-૫૮)

પ્રકરણ -૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

૧ અનુભૂતિઓના પ્રારંભિક કાળમાં આવી અભિવ્યક્તિની એકધારી સુનિશ્ચિતતા શક્ય નથી, તેથી વેદોના જૂના સંહિતા વિભાગનો તે પ્રારંભિક નહિ પણ અંતિમ તબક્કો હોવો જોઈએ.

૨ બાદરાયણ વેદવ્યાસે તેમને પ્રાપ્ત સૂક્તોની અનંત રાશીમાંથી સ્પષ્ટ અને સારા સૂક્તોની જ પસંદગી કરીને તેમને ચતુર્વેદના વર્ગીકરણમાં સ્થાન આપ્યું હોવાની શક્યતા છે.

૩ અથવા વેદવ્યાસે તેમને ઉપલબ્ધ સૂક્તોને વેદમાં સમાવેશ કરવા જેવા કરવા થોડાંક મઠારેલાં હોવા જોઈએ, જેથી તે તેમની સુસંસ્કૃત રુચિને યોગ્ય બને.

૪ વેદવ્યાસે જ સંહિતાને ધર્મગ્રંથનો દરજ્જો મેળવી આપ્યો.

પણ વેદાંતનો ઉજ્જવળ યુગ આવ્યો તે પહેલા જ વેદોનો ગૂઢ અર્થ લુપ્ત થવા માંડ્યો હોવો જોઈએ અને બાહ્ય કર્મકાંડાત્મક અર્થને જ સાચો અર્થ સમજવાની પ્રથા શરૂ થઈ ગઈ હોવી જોઈએ. સ્મૃતિગ્રંથો લખી આ પ્રક્રિયાને જાણે પૂર્ણ કરી સમાજમાન્ય કરી દેવામાં આવી હતી.

સંહિતાના આ પડતા કાળમાં તેને ફરી જીવંત કરવા બ્રાહ્મણો અને ઉપનિષદોએ બીડું ઝડપ્યું. બંનેના દૃષ્ટિકોણ ભિન્ન હતા પણ બન્નેના પ્રયત્નો કર્મકાંડને આરંભ-બિન્દુ તરીકે સ્વીકારીને આગળ વધવાનો હતો. બ્રાહ્મણ ગ્રંથોએ સંહિતાની જાળવણી માટે તેને કર્મકાંડના મજબૂત ચોખટામાં વાપરવાની વ્યવસ્થા કરી, જેથી કર્મકાંડ કરતાં કરતાં મૂળ સંહિતા જળવાઈ રહે. ઉપનિષદોએ સંહિતાના પ્રતીકાત્મક અર્થો આંતરદર્શનાથી શોધીને તેમને નવી ભાષાની અભિવ્યક્તિ આપવાનો પ્રયત્ન કર્યો.

બ્રાહ્મણોએ પોતાના અર્થને મજબૂત કરવા વિધિને લગતાં મંત્રોને, સંહિતામાં

આવેલી પુરાણકથાઓને, જૂની પરંપરાઓને, પોતાના કર્મકાંડમાં વણી લીધી. તેમાં ઐતિહાસિક ઘટનાઓનો પણ ઉલ્લેખ કરાયો. પણ આ બધી સામગ્રી કર્મકાંડને જ પોષક હોવાથી સંહિતાના સાચા અર્થઘટનમાં ઉપયોગી નીવડે એવી નથી.

ઉપનિષદોમાં ઋષિઓએ ધ્યાન અને આધ્યાત્મિક અનુભૂતિઓના આધારે સંહિતાનો અર્થ સમજવાનો પ્રયત્ન કરેલો, પણ તેમની ભાષા પદ્ધતિ જુદી હોવાથી જૂનાં સત્યો નવા સ્વરૂપે પ્રાપ્ત થવા લાગ્યાં. તેમાંથી આગળ વધી તેઓ તેથી પણ વિશાળ, મહાન, સર્વસમાવેશક સત્યની શોધ કરવા લાગ્યા. તે માટે તેમણે શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્રની મદદ ન લીધી. ફક્ત પોતાની અનુભૂતિને સંનિષ્ઠ રહ્યાં. પણ તેથી સંહિતાનાં બધાં જ પ્રતીકોનો ગૂઢાર્થ પ્રગટ ન થયો. તેઓ વેદાંતની સ્થાપનાના પાયારૂપ ગણાયા પણ સંહિતાનાં પ્રતીકોના ઉકેલ બાબત બહુ મદદરૂપ ન થયા.

વેદાંતના ઉગમ સાથે જ બે પ્રકારનાં વલણોએ જોર પકડ્યું -

(૧) આધ્યાત્મિક ધ્યેયને જ મહત્ત્વ અપાયું અને યજ્ઞવિધિને ગૌણ સ્થાન મળ્યું. તેથી સંહિતામાં જે અધ્યાત્મ અને યજ્ઞવિધિની સમતુલા જળવાઈ જતી હતી તે ભાંગી ગઈ. તેને સ્થાને નવી સમતુલા આવી. તપ અને ત્યાગને વધારે મહત્ત્વ અપાયું, કર્મકાંડને નહિ; તેથી પ્રતીકાત્મક યજ્ઞવિધિ તદ્દન નિરર્થક બની ગઈ.

આ વલણોના પરિણામે જાણે સંહિતા (વેદ) અને વેદાંત વચ્ચે મોટી ખાઈ રચાઈ. વેદ યજ્ઞ કરનાર પુરોહિતો માટે અને વેદાંત ઋષિઓ માટે આવો તીવ્ર ભેદ રચાયો.

(૨) બીજું વલણ એ રહ્યું કે પ્રતીકાત્મક ભાષાનો ત્યાગ કરવામાં આવ્યો અને વધુ ચિંતનાત્મક, માનસશાસ્ત્રીય ભાષા વપરાવા માંડી. આને પરિણામે -

૧ આંતરદર્શનના યુગનું મહત્ત્વ ઘટ્યું અને તેને સ્થાને તર્કપ્રધાન વિચારસરણીનો યુગ આવવા માંડ્યો.

૨ બૌદ્ધોએ તો વૈદિક યજ્ઞવિધિને નિર્મૂળ કરવાનો જ પ્રયત્ન કર્યો.

૩ સંસ્કૃતને બદલે લોકભાષા પાલિને મહત્ત્વ આપ્યું. પ્રાકૃત ગ્રંથો લખાયા.

આ વિનાશક વલણને રોકવા પુરાણો આગળ આવ્યા. તેમણે આ ક્રાંતિને થોડા સૈકા થોભાવી રાખી. તેમણે -

૧ લોકોને સમજાય તેવી આધુનિક સંસ્કૃત ભાષામાં પુરાણો લખ્યાં.

૨ તેથી વેદોને બદલે પુરાણોનું મહત્ત્વ વધ્યું.

વૈદિક યજ્ઞવિધિને બદલે પૌરાણિક પૂજા અને વ્રત પદ્ધતિ આવી.

સારાંશ, ઋષિઓનું સ્થાન પ્રથમ પુરોહિતોએ લીધું અને અંતે પુરોહિતોનું સ્થાન પંડિતોએ લીધું, તેથી વેદોની સાચી પ્રતિષ્ઠા લોપ પામી.

વ્યાસનિર્મિત વેદોનું સ્વરૂપ આપણને યથાવત્ અસ્સલ સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે તેનું શ્રેય સર્વસ્વે વેદપાઠી બ્રાહ્મણોને જાય છે, જેમણે વેદપઠનની નિશ્ચિત પદ્ધતિ અને આરોહ-અવરોહ સ્વરૂપ વેદગાનને નિશ્ચિત સ્વરૂપ આપેલું હતું અને તેમનો રોજરોજ પાઠ કરવાની કઠોર પરંપરા રચી હતી. આ તેમના મહાન કાર્યને કારણે જ યાસ્કનો નિઘંટ ગ્રંથ (નિરુક્ત) અને સાયણનું વેદભાષ્ય આપણને પ્રાપ્ત થયું છે. એટલું જ નહિ પણ વ્યાસે જે રીતે સંહિતામાંથી સૂક્તો વર્ગીકરણ કરીને તથા વેદની વિભાગણી કરી આપણને આપેલ છે તે જ શુદ્ધ સ્વરૂપમાં આપણને નિશંક રીતે મળેલાં છે.

પ્રાચીન સંસ્કૃત જેમાં સંહિતાઓ લખેલી તેમાં વ્યાકરણના કે સંધિના નિશ્ચિત નિયમો નહોતા. તે ભાષા બોલવાને કારણે વિકસેલી હતી, પણ વ્યાસે વૈયાકરણીઓની મદદથી સંહિતાને બને ત્યાં સુધી વ્યાકરણનાં નિયમ મુજબ ગોઠવી અને સંધિ કરી આપણને આપેલ છે. અર્થાત્ આને કારણે તે સૂક્તના મર્મ કે અર્થને જરા પણ ધક્કો લાગવા દીધેલ નથી. તેથી પંડિતોની જે પરંપરામાંથી આપણને વેદોનું સ્વરૂપ પ્રાપ્ત થયું છે તેમાં વિશ્વાસ રાખી શકાય એમ છે.

પણ તે પછી પંડિતોની પરંપરામાં સૂક્તોનો જે રીતે અર્થઘટન કરવાની પદ્ધતિ પડી તે મૂળતઃ યજ્ઞના વિધિને લગતી જ સીમિત રહેવા લાગી. તેનાં મૂળ મર્મો અને આધ્યાત્મિક અનુભૂતિઓ વિસરાઈ ગયાં, કારણ આ પંડિતોને ઋષિઓ જેવી આંતરદર્શનાની કોઈ ક્ષમતા જ નહોતી. તેઓ બુદ્ધિમાન હતા, પણ શાસ્ત્રો પૂરતા જ; સાધનામાં નહિ. (ક્રમશઃ)

---

(પૃ.૪૪ ઉપરથી)

## સર્વાંગી - આરોગ્ય

બાહ્યચેતના અને આંતરચેતનાં આમ ત્રણ પ્રકાર અથવા સ્તરો પડે છે. હવે સજાગ ચેતનામાં ઊર્ધ્વચેતના અને આંતરચેતનાનો પ્રદેશ આવે છે. મધ્ય અથવા બાહ્યચેતના પોતે ભાગ્યે જ સજાગ હોય છે. સજાગ એટલે પોતાના શુદ્ધ સ્વરૂપ બાબત તેમ જ પોતાની ક્ષમતા અને જગતનાં સાચા સ્વરૂપ બાબત પણ સભાન રહેવું. પણ આ બાહ્ય - ચેતનાને અભ્યાસથી સજાગ કરી શકાય છે. તે માટે તેનો અને ઊર્ધ્વચેતનાનો તેમ જ તેનો અને આંતર-ચેતનાનો સંપર્ક સતત રાખી તેમને જોડી દેવાનો અભ્યાસ કરવો જરૂરી છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## Aphorisms

(માતૃવાણી ભા-૧૦, પૃ.૩૫-૩૮) પ્રકરણ-૧૦

## તર્કશક્તિની મર્યાદાઓ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**પ્રતીતિકારક દલીલો વડે તેમણે સાબિત કરી આપ્યું કે પ્રભુનું અસ્તિત્વ નથી, અને મેં તેમની વાત માની લીધી. પાછળથી મેં પ્રભુને જોયા, કારણ કે તેઓ આવીને મને ભેટ્યાં. અને હવે મારે બીજાઓની દલીલો માનવી કે પછી મારી પોતાની અનુભૂતિને ? (૧૦)**

તર્કશાસ્ત્રમાં તમે હોંશિયાર હો તો ગમે તે વસ્તુ તમે સિદ્ધ કરી બતાડો છો, પણ તે કાંઈ વાસ્તવિકતાને પુરવાર કરતી નથી; કારણ તે સાબિતીના વિરુદ્ધમાં પણ તેવી જ જોરદાર પ્રભાવી તર્કમાળા તમે ઊભી કરી શકો છો. બન્ને તર્ક-પ્રણાલીમાં સામંજસ્ય રચી વિશાળ વિચારમાં આરોહણ કરવું એ સાચી દિશાની પ્રગતિ છે. તર્ક જ્ઞાત પ્રદેશમાંથી અજ્ઞાત પ્રદેશમાં પ્રવેશે છે. જ્ઞાત પ્રદેશનું જ્ઞાન તેનો પાયો છે. તેના જોરે તે અજ્ઞાત પ્રદેશમાં તર્ક કરીને જાણકારી મેળવવા પ્રયત્ન કરે છે.

હવે જો અનુભૂતિ દ્વારા આપણને બાબતનું જ્ઞાન થાય તો તર્ક ખરેખર તે સાચી અનુભૂતિ છે કે નહિ તે જ ચકાસવું જરૂરી છે. તેણે તે માટે પોતાના અજ્ઞાત પ્રદેશોમાં નિર્માણ કરેલ તર્કોને છોડી દેવા પડે છે. તર્ક ક્યારે પણ પ્રત્યક્ષ અનુભવને જ પડકારી શકતો નથી.

અનુભૂતિનો પ્રકાર એ પણ અનુભવના ક્ષેત્રમાં જ આવી જાય છે. ભ્રમ અને અનુભૂતિમાં મૂળભૂત તફાવત છે. ભ્રમમાં કોઈ છૂપી ઇચ્છા કે કામના કે પૂર્વગ્રહ કામ કરી જાય છે, તેથી તેવો ભ્રમ રચાય છે. દા.ત. સાપનો ડર દોરડાને સાપ સમજવાનો ભ્રમ પેદા કરે છે.

અનુભૂતિમાં વ્યક્તિનું ચિત્ત શાંત, નિરપેક્ષ, સત્યનિષ્ઠ અને પ્રામાણિક હોય છે. પ્રભુ પોતે થઈ તેમાં પ્રગટ થાય છે અને તે વ્યક્તિને દર્શન આપે છે, તેથી તેમાં ભ્રમ હોતો નથી. આવી સત્ય અનુભૂતિને તર્ક ડગાવી શકતો નથી.

પ્રભુ આનંદમય છે. તેમાં પણ વિનોદવૃત્તિ છે. શ્રી અરવિન્દ પશ્ચિમના શિક્ષણથી

ભગવાન બાબત નાસ્તિક બની ગયા હતાં, તેથી તેમના સરળ ચિત્તમાં પ્રગટ થઈને તેનો નક્કર શારીરિક અનુભવ કરાવીને તેમણે જાણે શ્રી અરવિન્દને આશ્ચર્યમાં પાડી દીધાં! ભગવાન તેમનું આશ્ચર્ય જોઈને ખરેખર ખડખડાટ હસ્યા હશે!

બુદ્ધિને એમ લાગે છે કે તે સમગ્ર જગતનું રહસ્ય જાણી શકે છે, પણ જ્યારે તે અણસમજણમાં પડી જાય છે ત્યારે તેને જણાય છે કે તેને પોતાની ક્ષમતાનું વૃથા અભિમાન છે.

આપણે જે કાંઈ થોડું ઘણું જાણીએ છીએ તેને સંન્નિષ્ઠાથી જીવનમાં મૂકવું જોઈએ. જો તે પ્રમાણે જીવી જાણશો તો તે વસ્તુ આપણી ચેતનાનું અંગ બની જાય છે, કારણ તેને અનુભવનો આધાર છે ફક્ત તર્કનો જ નહિ.

ભૂલો સુધારવાનો, ઊણપો, ક્ષતિઓને જીતવાનો પણ આ જ રાજમાર્ગ છે. ક્ષતિને જીવનમાંથી કાઢી નાખો. આચરણ દ્વારા પ્રગટ થવા ન દો અને તે ચાલી જશે. તમારો આત્મવિશ્વાસ જાગશે અને તમે ક્ષતિથી ઉપર ઊઠી જશો.

'માનવમાત્ર ભૂલને પાત્ર' આ બીજાને ક્ષમા કરવા માટે છે. પોતાની ક્ષતિનો બચાવ કરવા માટે નથી. ક્ષતિને પ્રભુકૃપાથી ઓળખી તો તે કૃપાનો ઉપયોગ કરીને તેમાંથી મુક્તિ પણ મેળવી લેવી જ જોઈએ.

તાર્કિક પુરાવાઓ કરતાં નક્કર અનુભૂતિ લાખ દરજ્જે શ્રેષ્ઠ છે.

જ્યાં સુધી અનુભૂતિ ન આવી હોય ત્યાં સુધી તર્કનું માર્ગદર્શન મેળવવું જરૂરી છે. પણ તર્કની દિશા તર્ક નહિ પણ આપણા વિવેકબુદ્ધિએ નિશ્ચિત કરવાની હોય છે. તર્ક તો વકીલ જેવા હોય છે. અસીલ બદલાય તો તેમની ભૂમિકા પણ બદલાઈ જાય છે. તર્કને અનુભૂતિના આધારે જ વિકસાવવા એ જ તેનો સાચો ઉપયોગ છે. તર્ક જજ નથી પણ સેવક છે, માલિક નથી પણ નોકર છે.

---

(પૃષ્ઠ ૩ ઉપરથી)

## દિવ્યશક્તિનું આગમન

અમારી નબળાઈઓ જોઈને અમારાથી આઘા ન ચાલ્યા જતાં અથવા પાછા પોતાના મૂળ દિવ્ય-લોકમાં પોતાને ખેંચી ન લેતાં. અમારી નબળાઈઓ સામે અમે જે સંઘર્ષ ખેલી રહ્યાં છીએ, તેમાં અમને મદદરૂપ થાઓ. અમને અમારી સાથે રહીને વિજય અપાવો. અમને માર્ગદર્શન આપો. અમને આધાર આપો, જેથી અમે આપના માટે, હે જગન્માતા, વિજય પ્રાપ્ત કરી લાવીએ. પ્રભુનો સંકલ્પ તેવો જ છે, તો તે ઘટના બનીને જ રહેશે.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૧૬-૧૨૧)

અવતરણો પ્રકરણ - ૧૮

## ચૈત્યપુરુષ સાથે એકરુપતા

9 Not only does one perceive it (the (discomfort ie influence of illness) but-knows which organ is going to be attacked and one can keep off the attack..... you know what is to be done. P.116

10 There is a moment for choice, even in an accident..... only your consciousness must be..... wide awake and you must constantly in contact with your psychic-being..... nothing will happen. But (habit of immediate contact) It depends absolutely on character. P.118

11 How can one change one's consciousness ?..... There are many ways..... there is a shifting upwards..... It is a through something were drawing you above and making you see from a mountain top.... or the sense of limitation disappears and you enter into that has always been and will always be. There are other ways... A seed of contact..... which shows you how start..... some get this in dreams.... some..... at odd times.... something you here..... a beautiful land scape, music..... a few words you reed..... intensity in concentration.... P. 121

12 First contact with the inner joy, the inner beauty, the inner light..... hold it constantly before you, commune with your self, seek your self. P.121

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ચૈત્યપુરુષ સાથેના સંપર્કમાં રહી આપણે જ્યારે તેની હાજરી અનુભવતા હોઈએ છીએ ત્યારે શરીરના કોષોમાં ક્યાંક પણ થોડાં પણ અસ્વસ્થતાનાં આંદોલનો નિર્માણ થાય તો તરત આપણે તે જાણી જઈએ છીએ; એટલું જ નહિ પણ ચૈત્યપુરુષ દ્વારા દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવી તેની મદદથી રોગની આ ખૂબ જ પ્રાથમિક અસરને તે શરીરમાં અડ્ડો જમાવે તે પહેલા જ વિનાશ કરી શકીએ છીએ.

આ વિનાશ કેવી રીતે કરવો તે જાણવા આંતરિક રીતે ચૈત્યપુરુષ સાથે સંપર્ક સાધવાની ટેવ હોવી જરૂરી છે. તેના સંપર્કમાં આવતા જ આંતરપ્રેરણાઓથી તમે કઈ આંતરિક ક્રિયાઓ કરવાની જરૂર છે, તેની આંતરિકપ્રેરણા દ્વારા તમને તત્કાલ જાણ કરવામાં આવે છે. એક વાત ધ્યાન રાખવાની છે કે આપણને જે અસ્વસ્થાની લાગણી

અનુભવાય છે તે તો ફક્ત આપણા પ્રભામંડળમાં પ્રવેશેલાં રોગનાં આંદોલનોના પરિણામ સ્વરૂપ જ હોય છે. તે પ્રત્યક્ષ માંદગી કે રોગ હોતાં નથી. તે વિસંવાદના આંદોલન સ્વરૂપ હોય છે. તેને જો કોષો ગ્રહણ કરી લે તો કોષોમાં જે સંવાદમયતા હોય છે તેમાં અવરોધો આવવા માંડે છે. તે અવરોધો જ આ અસ્વસ્થતાની લાગણી રચે છે. આના પછીનાં ભૌતિક પરિણામો સ્વરૂપ માંદગી હોય છે. આ ક્ષણે જો ચૈત્યપુરુષે મોકલેલી આંતરપ્રેરણાઓ સ્વીકારી તે મુજબની આંતરિક ક્રિયાઓ કરવામાં આવે તો રોગ શરીરમાં પ્રવેશે તે પહેલાં જ તેને રોકવામાં આપણે સફળ થઈએ છીએ.

અકસ્માતમાં પણ આ જ પ્રક્રિયા થતી હોય છે. અકસ્માત થવાના એકાદ ક્ષણ પહેલા જ ઉપર મુજબની ઘટના બને છે. હવે તમારી પાસે પસંદગી હોય છે. અકસ્માત થવા દેવો કે આંતર-પ્રેરણાથી તેમાંથી આબાદ બચી જવું ? તમારી પસંદગી મુજબ ઘટના વળાંક લે છે. અકસ્માત થાય છે અથવા તમે આબાદ ચમત્કારિક રીતે બચી જાઓ છો.

આપણા ચારિત્ર્યમાં આપણે તત્કાળ ચૈત્યપુરુષનો સંપર્ક સાધવાની ટેવ વિકસાવી હશે તો તે મુજબ કરીને આપણે અકસ્માતમાંથી બચી જઈએ છીએ.

માતાજી એક પોતે જાણેલો દાખલો આપે છે. એક વ્યક્તિએ દવાને બદલે ઝેરની ટીકડી ખાઈ લીધી. તે પણ બાર ગણો મોટો ડોઝ લીધો. તેને આંતરિક પ્રેરણા મળતાં જ તેણે ઊલટી કરીને ઝેર બહાર કાઢી નાંખ્યું. તરત હૉસ્પિટલે જઈ થોડીક સારવાર કરાવી. તે ઝેરનો ડોઝ એટલો મોટો હતો કે તેની બચવાની શક્યતા જ નહોતી, છતાં યોગ્ય ક્ષણે ચૈત્યપુરુષનો સંપર્ક, તેની આંતરપ્રેરણા અને તેણે તે મુજબ કરેલા કાર્યને કારણે તે હજી જીવે છે. આવી રીતે સતર્ક, જાગૃત, ચૈત્યપુરુષવાળી વ્યક્તિની ચેતનાને માતાજી "awakened consciousness" અર્થાત્ 'સજાગ-ચેતના' કહેતાં.

પ્રશ્ન હવે એ છે કે આવી સજાગ-ચેતના નિર્માણ કેવી રીતે કરવી ? માતાજી જણાવે છે કે તેના અનેક માર્ગો છે પણ તે બધાનો મૂળભૂત સિદ્ધાંત નીચે મુજબનો છે : આપણી ચેતનાનાં પ્રમુખતઃ ત્રણ સ્તરો હોય છે. એક મધ્ય સ્તર અથવા બાહ્ય-ચેતનાનો સ્તર આપણે તેમાં જ જીવતા હોઈએ છીએ. તે આપણા સમગ્ર અસ્તિત્વમાં ફેલાએલી હોય છે, તેથી તે સમ-ક્ષિતિજ ફેલાએલી ચેતના છે. આવી મધ્ય સ્તરે ફેલાએલી બાહ્ય-ચેતનાની નીચે અથવા પાછળ બીજી આંતર-ચેતનાનું સ્તર છે. તેની ઊંડાઈ ઘણી હોય છે. તેમ જ બાહ્ય ચેતનાની ઉપર ઊર્ધ્વમાં પણ એક વિવિધ-સ્તરીય ઊર્ધ્વચેતના છે. આમ ઉપરથી નીચેના ક્રમે આપણા સ્વરૂપનાં ઊર્ધ્વચેતના,

(પૃ.૪૦ ઉપર)

## (શ્રી અરવિન્દ - જન્મદિન, દર્શનદિન, ભારત સ્વાતંત્ર્યદિન)

# ''૧૫ ઑગસ્ટ''

- હર્ષદ ઠકરાર

૧૫ ઑગસ્ટ એ શ્રી અરવિન્દનો જન્મદિન છે, શ્રી અરવિન્દ આશ્રમનો દર્શનદિન છે તથા ભારતદેશનો સ્વાતંત્ર્યદિન છે. ૧૫ ઑગસ્ટના રોજ ભારત બ્રિટિશ રાજમાંથી સ્વતંત્ર થયું છે. પરંતુ ભ્રષ્ટાચાર, કોમવાદ, પ્રદેશવાદ, રાજકીય પક્ષોની સત્તાપ્રાપ્તિની હુંસાતુંસી વગેરે માન્યતાઓ, ઇચ્છાઓની ગુલામીમાંથી મુક્ત થયું નથી, સ્વતંત્ર થયું નથી.

ભારતવાસી ક્યારે સાચા અર્થમાં મુક્ત થશે ? તે પ્રશ્ન દરેક ભારતવાસીને મૂંઝવી રહ્યો છે. ભારતવાસીએ સાચા અર્થમાં મુક્ત થવું હશે તો તેણે શ્રી માતાજી અને શ્રી અરવિન્દે જે પૂર્ણયોગ કર્યો છે, તે યોગનો સ્વીકાર કરવો પડશે, ત્યારબાદ જ સાચા અર્થમાં મુક્ત થશે. ભારતની આ મુક્તિ ફક્ત ભારત દેશ પૂરતી મર્યાદિત રહેશે નહિ, પરંતુ ભારત આ મુક્તિ દ્વારા સમગ્ર માનવજાતને સાચી મુક્તિનો પથ દર્શાવશે.

હાલ જગતમાં માનવ ગુલામી અનુભવે છે, તેનું કારણ માનવ હજુ પશુમાનવમાંથી પૂર્ણ માનવ બન્યો નથી, તે છે. શ્રી અરવિન્દનો પૂર્ણયોગ માનવને પશુમાનવમાંથી પૂર્ણમાનવ બનાવી, દિવ્યમાનવમાં રૂપાંતરિત કરી આપવાનો છે. એટલે માનવ અત્યારે અચિત્‌ભરી અવસ્થામાંથી મુક્ત થઈ પૂર્ણરૂપે ચેતનવંતો થયો નથી. માનવે સચેતન બની શ્રી અરવિન્દે આપેલા પૂર્ણયોગ દ્વારા અતિમનસ ચેતનામાં એટલે કે દિવ્યચેતનામાં પ્રવેશ પામી રૂપાંતર સાધવાનું છે.

માનવ હાલ અચિત્‌ભરી અવસ્થામાં હોઈ માનવપશુની જેમ નેતાઓનાં ભાષણો દ્વારા દોરવાઈ રહ્યો છે, અથવા તો જુદા જુદા માધ્યમો દ્વારા પ્રસારિત સમાચારો દ્વારા દોરવાતો રહ્યો છે. માનવ તેને મળેલી અમૂલ્ય વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી ઘટતી ઘટનાની પાછળ રહેલ સત્યને પામવા પ્રયત્ન કરતો નથી. માનવ વિવેકબુદ્ધિ દ્વારા સત્યને પામી શકતો, તેનું કારણ સમજાવતા શ્રી માતાજીએ જણાવ્યું છે :

"In each human being there is a beast crouching ready to manifest at the slightest unwatchfulness. The only remedy is a constant vigilance."

- The Mother

''દરેક માણસમાં એક જંગલી પશુ બેઠેલું છે અને સહેજ પણ અભાનતાની ક્ષણે એ પોતાની જાતને પ્રગટ કરવા તૈયાર છે. સતત જાગ્રતાતા એ જ ઉપાય છે.''

- શ્રી માતાજી

શ્રી માતાજીએ જણાવ્યું છે તે મુજબ માનવની અભાન અવસ્થામાં પશુ પ્રકટ થઈ શકે છે, આથી માનવે સતત જાગૃત રહેવાનું છે. માનવ સતત જાગૃત કઈ રીતે રહી શકે તે સમજાવતા શ્રી અરવિન્દ સમજાવે છે,

''તમે ઘેર રહ્યા રહ્યા તેમ જ તમારું કામ કરતા રહીને પણ સાધના અવશ્ય કરી શકો છો, ઘણા એમ કરે છે. શરૂઆતમાં માત્ર એટલું કરવાનું રહે છે કે જેટલું બની શકે તેટલું શ્રી માતાજીનું સ્મરણ કરતા રહો, હરરોજ થોડીવાર હૃદયની અંદર શ્રી માતાજી ઉપર એકાગ્રતા કરતા રહો, બની શકે તો શ્રી માતાજી, મા ભગવતી છે એ રીતે એમનો વિચાર કરતા રહો. તમારી અંદર શ્રી માતાજી છે એ રીતની અનુભૂતિ મેળવવા માટે અભીપ્સા કરો, તમારા કાર્યો એમને અર્પણ કરો અને એવી પ્રાર્થના કરો કે તેઓ તમને અંદરમાંથી માર્ગદર્શન આપતા રહે તથા સહાય આપતા રહે. સાધનાની આ પ્રાથમિક અવસ્થા છે અને ઘણીવાર તે બહુ લાંબી ચાલે છે. પરંતુ જે સાધક સાચા દિલથી અને મક્કમપણે એ અવસ્થાને સિદ્ધ કરી લે છે અને એ ચેતનાને કારણે અંતઃકરણમાં રહેલી શ્રી માતાજીની હાજરી વિષે વધુ સભાન રહેવા લાગે છે, પ્રકૃતિમાં અને જીવનમાં શ્રી માતાજી કઈ રીતે રહેલાં છે તે સમજવા લાગે છે, યા તો કોઈ બીજો આધ્યાત્મિક અનુભવ મળી આવે છે અને તે સાક્ષાત્કારની દિશાનો માર્ગ ખોલી આપે છે.

શ્રી માતાજી દિવ્યસ્વરૂપ પૃઃ૫૮ શ્રી અરન્વિદ

અહીં શ્રી અરવિન્દે માનવને તેની અચિત્‌થી ભરેલી અપરાપ્રકૃતિ દ્વારા સંચાલિત જે જીવન જીવે છે, તે જીવનને સચેતન બનાવી પરાપ્રકૃતિમાં કઈ રીતે રૂપાંતરિત કરી અતિમનસ ચેતનામાં જીવન જીવવું તે સમજાવ્યું છે. તે હું મારી સમજ મુજબ પાંચ પગલાં રૂપે વર્ણવું છું :

**(૧) શ્રી માતાજીનું સતત સ્મરણ :**

માનવ તેની ભૌતિક જરૂરિયાતો સંતોષવામાં તેની ઈષ્ટ દિવ્યશક્તિનું સ્મરણ કરતો હોતો નથી. ઘણા લોકો જણાવે છે કે તેઓ સતત પ્રભુના મંત્રજાપનું રટણ કરે છે. આ લોકો યંત્રવત્ રટણ કરતા હોય છે. પોપટ રામનામનું રટણ કરે અને શ્રી તુલસીદાસ રામનામનું રટણ કરે તેમાં ઘણો ચૈતસિક તફાવત છે. પોપટ યંત્રવત્ રામનામનું રટણ કરતો હોય છે, ત્યારે શ્રી તુલસીદાસ સચેતસ વ્યક્તિ દ્વારા સત્યનિષ્ઠાપૂર્વક રામનામનું

રટણ કરતાં હોય છે. માનવ સચેતન બની સાચી નિષ્ઠાપૂર્વક તેના ઈષ્ટ પ્રભુના નામનો મંત્રજાપ જપે તો તેનું ચંચળ મન છે તે અચંચળ થાય છે. ગીતામાં સમજાવ્યું છે તે મુજબ મન વાયુ કરતાં પણ વધુ ચંચળ છે. તેને અચંચળ કરવું ખૂબ જ મુશ્કેલ છે. આમ, માનવ તેના મનની ચંચળ અવસ્થાને દિવ્યશક્તિના સતત સ્મરણ દ્વારા અચંચળ અવસ્થામાં સ્થાપવા સામર્થ્યવાન બનતો હોવાથી તેવી અવસ્થાને શ્રી અરવિન્દ Quiteness કહે છે તે અવસ્થાને પ્રાપ્ત કરે છે. માનવ અચંચળ અવસ્થા પ્રાપ્ત કરતો હોવાથી માનવ દિવ્યશક્તિ સાથે એકાગ્રતા સાધવા સામર્થ્યવાન બને છે. આ અવસ્થાને ગીતામાં શ્રીકૃષ્ણે સમજાવ્યું છે તેમ માનવનું મન પ્રભુના મનવાળું થાય છે.

(૨) **શ્રીમાતાજી ઉપર એકાગ્રતા :**

માનવ તેના મનને અચંચળ અવસ્થામાં લઈ જતો હોવાથી તે દિવ્યશક્તિ સાથે એકાગ્રતા સાધી શકે છે. દિવ્યશક્તિ સાથે એકાગ્રતા પ્રાપ્ત કર્યા પછી માનવ પોતાના મનને સ્થિરતા આપી શકે છે. આ અવસ્થાને શ્રી અરવિન્દ Calmness કહે છે. માનવમન સ્થિર થવાથી તેના મનને કોઈ પણ પ્રકારની બાહ્ય ઘટના, બનાવોનાં આંદોલનો માનવને અસ્થિર બનાવી શકતા નથી. ગીતામાં માનવમનની આ સ્થિરતાને સ્થિતપ્રજ્ઞની અવસ્થારૂપે સમજાવવામાં આવેલ છે. સ્થિતપ્રજ્ઞ થયેલો માનવ દિવ્ય પ્રભુ સાથે યોગ પ્રાપ્ત કરે છે. એટલે કે પ્રભુનો ભક્ત બની જાય છે. ભક્ત બનતો હોવાથી તે પ્રભુનું સાંનિધ્ય અને પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરે છે. માનવ ભક્ત બની પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરતો હોવાથી પ્રભુપરાયણ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

(૩) **શ્રી માતાજી હૃદયમાં છે તેવી અનુભૂતિ :**

માનવ પ્રભુપરાયણ બની પોતના હૃદયમાં પ્રભુની હાજરી સતત અનુભવે છે. પ્રભુની હાજરીને કારણે માનવ તેની અપરા પ્રકૃતિના ત્રણેય ગુણો તમસ, રજસ, સત્ત્વમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ પરાપ્રકૃતિમાં પ્રવેશ કરે છે. પરાપ્રકૃતિમાં પ્રવેશ એટલે માનવમાં રહેલાં અહંકારનું ચૈત્યપુરુષમાં રૂપાંતરિત થવું. અહંકાર ચૈત્યપુરુષમાં રૂપાંતરિત થતો હોવાથી માનવ હૃદયમાં દિવ્યશક્તિની સતત હાજરી અનુભવે છે. આ જ છે માનવ હૃદયમાં શ્રી માતાજીની અનુભૂતિ.

(૪) **સર્વે કાર્યો શ્રી માતાજીને સમર્પિત કરવાં :**

માનવનો અહંકાર ચૈત્યપુરુષમાં રૂપાંતરિત થયેલો હોવાથી, માનવ પોતે જે કાંઈ કાર્યો કરે છે તે કર્મો માનવ તરીકે કરતો નથી, પરંતુ પરમ પ્રભુના એક સાધન તરીકે કરે છે એમ અનુભવે છે. આથી માનવ અનુભવે છે પોતે જે કાંઈ કર્મ કરે છે તે કર્મ બ્રહ્મ કરે

છે એવું અનુભવે છે. માનવની આ અનુભૂતિને સમજાવતા ગીતા જણાવે છે :

''બ્રહ્માર્પણં બ્રહ્મ હવિ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્।

બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મ સમાધિના।। (ગીતા : અ : ૪ : શ્લોક ૨૪)

અહીંયા અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મરૂપ છે, હુત-દ્રવ્ય પણ બ્રહ્મ છે, આહુતિ આપનાર પણ બ્રહ્મ છે અને પ્રાપ્ત કરવાની વસ્તુ બ્રહ્મ પોતે જ છે. મુક્ત આત્માને આવા જ્ઞાન સાથે યજ્ઞરૂપે કર્મ કરવાના છે.

મુક્ત આત્મા યજ્ઞરૂપે કર્મો કરતો હોવાથી તેનાં કર્મો સમાધિરૂપ બની જાય છે. એટલે કે તેના કાર્યો તેના ન રહેતા દિવ્યશક્તિને આપોઆપ સમર્પિત થઈ જાય છે.

**(૫) શ્રી માતાજી કર્તા છે, માનવ સાધન છે :**

માનવનો આત્મા શરીર, પ્રાણ અને મનની અપરાપ્રકૃતિના બંધનમાંથી મુક્ત થતો હોવાથી પોતાને મુક્ત આત્મા તરીકે દિવ્યશક્તિના અંશ તરીકે અનુભવે છે. આમ, જગતમાં જે કોઈ કાર્ય થઈ રહ્યાં છે તે કાર્યો ચૈત્યપુરુષ દિવ્યશક્તિના પ્રતિનિધિરૂપે કરે છે, એક સાધન તરીકે કરે છે. જે રીતે વાજિંત્ર તેને વગાડનાર સંગીતકારની ઇચ્છા મુજબ સૂર રેલાવે છે, તે રીતે ચૈત્યપુરુષ પણ દિવ્યશક્તિની ઇચ્છા મુજબ સંકલ્પ મુજબ સર્વે કાર્યો કરે છે.

શ્રી અરવિન્દે આપેલા પાંચ પગલાં દ્વારા માનવ તેની અંદર છુપાયેલા પશુમાંથી મુક્ત થઈ દિવ્ય-માનવમાં રૂપાંતરિત થાય છે, તે જ છે સાચો સ્વાતંત્ર દિન, સાચો મુક્તિ દિન.

ચાલો, આપણે આપણામાં રહેલા પશુમાંથી મુક્ત થઈ દિવ્યમાનવ બનવાના સંકલ્પ સાથે શ્રી અરવિન્દ જન્મદિન - દર્શનદિન ઉજવીએ એ જ અભ્યર્થના.

ૐ શાંતિ શાંતિ શાંતિ.



**શ્રી અરવિન્દ મૅમોરિયલ ટ્રસ્ટનું નવું પ્રકાશન**

**શ્રી અંબુભાઈ શ્રી અરવિન્દના અગ્રદૂત**

**લેખક : કિરીટ ઠક્કર** - મૂળ કિંમત : રૂા. ૧૬૦-૦૦

હાલમાં રૂા.૯૦/-+૧૦/- પોસ્ટેલ ચાર્જ

**પ્રાપ્તિસ્થાન :** શ્રી અરવિન્દ મૅમોરિયલ ટ્રસ્ટ, શ્રી અરવિન્દ નિવાસ, દાંડીયા બજાર, વડોદરા - ૩૯૦૦૦૧



# શ્રી અરવિંદ

Then the divine afflatus spent, withdrew,
Unwanted, fading from the mortal's range.
A scared yearning lingered in it trace,
The worship of a Presence and a Power.
Too Perfect to be held by death-bound hearts,
The prescience of a marvelous birth to come.

Savitri B-1, C-1, P-5

**ભાવાનુવાદ**

દિવ્ય સ્રોત અતિવેગથી, આવ્યો અને પાછો ફર્યો,
કામ થયું એ જાણીને, મર્ત્ય-કક્ષાએથી લુપ્ત થયો,
પવિત્ર એક પ્રતીક્ષા તણી, ઊર્મિ ઉરે ધબકતી રહી,
જે હાજરીને પૂજતી, ને પ્રચંડ શક્તિ જે પ્રભુ તણી,
ન પૂરું સમજી શકી, એ મર્ત્યતાને કારણે,
જે મૂળજ્ઞાન દિવ્ય જન્મનું, ભાવિમાં લાગે કામ જગ-ધારણે.



## તવચરણે

દિવ્યજ્ઞાનનું હિમઝરણું, વહે તવ હૃદય મહીં,
શુદ્ધ, સ્ફટિક-સમ ને હૃદય-ઠારતું, અમી-ઝરણું એ બની.
વિશાળ, નિરભ્ર, અસીમ ચેતનાતણું પ્રતિબિંબ ધરે,
સમતા, નિર્લેપતાતણાં ને, આનંદ-તરંગો ઉછળે,
જગત તરફ એ ઢળતું જાએ, ઉરે કરુણાના નીર,
દિવ્યપ્રેમનાં સંથ વાયરા, જાણે મઘમઘે સમીર.
સમતા, શાંતિ શરણાગતના, મૃદુલભાવોનો પમરાટ,
અગાધતાના અતિઊંડાણોનો, જાણે સદા વસવાટ.
પ્રભુનાં રૂપો મહિતલે લાવવાં, સૂક્ષ્મ સ્તરે રહે સદા,
અતિમાનવના ઉદ્‌ગાતા બની, શિલ્પકાર પણ ખરાં.
તવ જન્મદિને ભાવો અતિમૃદુ આ, ઉરમાંથી ઉભરાય,
તવ મહત્‌-કૃપાના કૃતજ્ઞભાવે, નયને અશ્રુ છલકાય.
પ્રભુ, તવ ચરણે નમ્ર નિવેદન, બસ, સમજું તારો યોગ,
ને જીવનમાહીં એ વણતો જાઉં, ને પ્રભુ તણો સંયોગ.


સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**